Tuesday 10, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વલસાડના છીપવાડમાં રસ્તા પર ડામરનું લિંપણ પીગળીને ગુંદર બની ગયું!



### માત્ર બે જ મહિનામાં અને હજુ ઉનાળો જામ્યો નથી ત્યાં જ પોત પ્રકાશ્યું : વાહન ચાલકો અને લોકો હેરાન-પરેશાન : ટાયર અને ચપ્પલો રસ્તા પર ચીપકી રહ્યાં છે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૯ :** બે મહિના અગાઉ વલસાડ નગરપાલિકા દ્વારા વલસાડના છીપવાડ વિસ્તારમાં કરોડોના ખર્ચે બનેલો રસ્તો ઉનાળાની શરૂઆતમાં જ ડામર રસ્તો પીગળવા લાગતા રોડ ઓળંગતા લોકોના ચપ્પલ અને વાહનોના ટાયર ચોંટી જતા વાહનચાલકો, રહીશોમાં પાલિકા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વલસાડ નગરપાલિકાના નવા ચૂંટાયેલા સભ્યોને એક વરસ જેટલો સમયગાળો પૂરો થયો છે. આ સમયગાળામાં ચૂંટાયેલા સભ્યો કે હોદ્દેદારો દ્વારા શહેરી વિકાસમાં કોઈ યોગદાન જોવા મળ્યું નથી. જ્યારે વિકાસની વાત કરીએ તો રૂ. ૧.૭૦ કરોડના ખર્ચે વલસાડમાં ડોર ટુ ડોર કલેક્શનનો એક એજન્સીને આપી રૂ. ૩ કરોડનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે. જો કે આ કોન્ટ્રાક્ટર પાસે નથી ડોર કચરો લાવવા માટે મજૂરો કે નથી કે કોઈ સાધન. તેમ છતાં પાલિકાના કેટલાક મળતીયાઓને સીધો ફાયદો થાય તેના માટે આ એજન્સીને કોન્ટ્રાક આપવામાં આવ્યો હોવાની ચર્ચા ઉઠી છે. ત્યારે વલસાડ શહેરના છીપવાડ વિસ્તારમાં જ્યાં રહેવાસીઓએ વર્ષો સુધી ખરાબ રસ્તાની યાતના ભોગવ્યા બાદ બે મહિના પહેલા જ નવો રસ્તો મળ્યો હતો. પરંતુ આ ખુશી લાંબા સમય ટકી શકી નથી. હજુ તો ઉનાળાનો પારો માંડ ૩૪ ડિગ્રીએ પહોંચ્યો છે, ત્યાં જ અંદાજે ૧ કિલોમીટર લાંબો આ રસ્તો પીગળવા માંડ્યો છે. રસ્તા પરનો ડામર પીગળીને વાહનોના ટાયર અને રાહદારીઓના ચપ્પલમાં ચોંટી રહ્યો છે..સ્થાનિકોનો આક્ષેપ છે કે રસ્તાના કામમાં હલકી ગુણવત્તાનું મટીરિયલ વાપરવામાં આવ્યું છે. અનેક રજૂઆતો બાદ માંડ બનેલો રસ્તો બે મહિનામાં જ બિસ્માર થતા લોકોમાં ભારે આક્રોશ છે. વલસાડ નગરપાલિકાના પ્રી-મોન્સૂન પ્લાનિંગની વાતો તો બાજુ પર રહી, પણ અહીં તો પ્રી-સમર (ઉનાળા) માં જ પાલિકાની કામગીરીના લિરેલિરા ઉડી રહ્યા છે. વલસાડના છીપવાડ વિસ્તારમાં કરોડોના ખર્ચે બનેલો રસ્તો ગરમી પડતાની સાથે જ પીગળવા લાગ્યો છે. માત્ર બે મહિના પહેલા જ જે રસ્તો વાહનચાલકોની સારી સુવિધા માટે બન્યો તે આજે વાહનચાલકો માટે મુસીબત બની ગયો છે. વલસાડના વ્યસ્ત એવા છીપવાડ વિસ્તારના જ્યાં રસ્તો જોઈને તમને લાગશે કે અહીં ડામર નહીં પણ જાણે કાળું તેલ રેડવામાં આવ્યું હોય ઉનાળાની હજુ તો માંડ શરૂઆત થઈ છે. ત્યાં અંદાજે ૧ કિલોમીટર સુધીનો નવો નક્કોર રસ્તો પીગળવા માંડ્યો છે. સ્થાનિકોએ અનેક રજૂઆતો કરી ત્યારે માંડ બે મહિના પહેલા આ રસ્તો બન્યો હતો. રસ્તો પીગળવાને કારણે ડામર વાહનોના ટાયરમાં ચોંટી રહ્યો છે, જેના લીધે અનેક વાહનચાલકો સ્લિપ થઈ રહ્યા છે. સાથે રસ્તા પરથી ચાલતું જવું પણ મુશ્કેલ બન્યું છે. કારણ કે ચાલતા વ્યક્તિઓની ચંપલ પણ આ ડામરમાં ચોંટી રહી છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર અને પાલિકાના મેળાપીપણામાં હલકી કક્ષાનું મટીરિયલ વાપરવામાં આવ્યું છે.

## વાપી મનપાની કડક વેરા વસૂલાત જારી

### માર્ચ માસના પ્રથમ સપ્તાહમાં એક હોસ્પિટલ સહીત ૧૧૩ કમર્શિયલ મિલકતોને સીલ મારી કુલ રૂા. ૯૫ લાખની વેરા વસૂલાત કરવામાં આવી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપી મહાનગરપાલિકા ઘર વેરા વિભાગ દ્વારા માર્ચ માસના પ્રથમ સપ્તાહમાં એક હોસ્પિટલ સહીત ૧૧૩ કમર્શિયલ મિલકતોને સીલ મારી કુલ રૂા. ૯૫ લાખના વેરા વસૂલાત કરવામાં આવી હતી. કમિશ્નર યોગેશ ચૌધરીએ માર્ચ માસમાં વેરા વસૂલાતની સઘન ઝુંબેશ ચલાવવા માટે આપેલી સૂચનાના અનુસંધાને ટેક્ષ સુપ્રિન્ટેન્ડન્ટ રાકેશ ઠક્કરે ત્રણ ટીમો બનાવી લક્ષ્યાંક પૂર્ણ કરવા કડક વસુલાત ઝુંબેશ શરૂ કરી છે. જે અંતર્ગત ચલા વિસ્તારમાં વિનાયક સેન્ટરમાં રૂા. ૧૦ લાખનો વેરો બાકી હોય એક હોસ્પિટલને સીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ચલાના વૈભવ એન્કલેવમાં ટ્રાન્સપોર્ટ ઓફિસ, વાપીમાં જસ એપા.માં સલૂન અને હોટલ, તિરુપતિ ટાવરમાં ૬ ઓફિસ, તુલસી દર્શનમાં ૪ દુકાનો, સાઈ મેજેસ્ટીમાં ૪ દુકાનો, ડુંગરા મહાવીરનગરમાં ૩ ગોડાઉન વગેરે મળી ૧૧૩ કમર્શિયલ મિલકતોને તાળા મારી કાર્યવાહી કરી માર્ચ માસના પ્રથમ સપ્તાહમાં રૂ.૯૫ લાખની વસૂલાત કરવામાં આવી હતી. આ વર્ષમાં ૮૫ % થી વધુ વસૂલાત કરી લેવામાં આવી છે. બાકી રહેલા કરદાતાઓ સામે કાર્યવાહી ચાલી રહી છે. માર્ચમાં ૬ % મુજબ દંડકિય વ્યાજ લાગે છે અને ૩૧ માર્ચ સુધીમાં વેરો ભરવામાં નહિ આવશે તો બાકી રકમ ઉપર ૧ એપ્રિલથી ૧૨ % વ્યાજ લાગી જશે. દંડકીય વ્યાજ અને સીલિંગ જેવી કડક કાર્યવાહીથી બચવા માટે પોતાનો બાકી પ્રોપર્ટી ટેક્ષ ૩૧ માર્ચ પહેલાં જમા કરાવવા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**ભરતી કરવાની છે**

વાપી-છરવાડા ખાતે આવેલ **3 Star** ભારતીબા વિલા રિસોર્ટ માટે તમામ પ્રકારનું મેઈનટેનન્સ કામ કરાવી શકે એવા મેઈનટેનન્સ સુપરવાઈઝર ભરતી કરવાની છે. જેને મીનીમમ ૫ (પાંચ) વર્ષનો અનુભવ હોવો જોઈએ અને અરજદાર રીટાયર્ડ હોય તો પણ ચાલશે.

ચેરમેન શ્રી,
મેં. ભારતીબા વિલા કલબ એન્ડ રિસોર્ટસ પ્રા.લી. છરવાડા - વાપી

**મો. 98794 63248**

### પ્લાસ્ટિકની પ્રોડકટના ભાવોમાં વધારો શરુ

## ખાડીના દેશોમાં યુદ્ધની સ્થિતિની ચીખલી માર્કેટમાં અસર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૦૯ :** પશ્ચિમી દેશોમાં ચાલઈ રહેલા યુધ્ધની અસર ગુજરાતમાં પણ વરતાઈ રહી છે. જેમાં લગ્નની મોસમમાં તેમજ દરેક પ્રસંગોમાં વાપરવામાં આવતી ચીજવસ્તુના ભાવ પણ રોજેરોજ બદલાઈ રહ્યા છે. જેનું મુખ્ય કારણ પ્લાસ્ટિકના દાણા ન આવતા કેટલીક ફેક્ટરીઓ બંધ કરી દેવી પડી છે. જ્યારે જે પ્લાસ્ટિકની આઈટમો રહી છે તેનો ડબલ ભાવ બોલાઈ રહ્યો છે.

પશ્ચિમી દેશોમાં ચાલી રહેલા યુદ્ધની અસર દરેક દેશો ઉપર પડી રહી છે જેની સીધી અસર માર્કેટમાં જોવા મળી રહી છે. રોજના લાખોની સંખ્યામાં પ્લાસ્ટિકની આઈટમો લોકો વાપરતા થયા છે અને શુભ પ્રસંગો હોય કે અન્ય કોઈ પ્રસંગો જેમાં પ્લાસ્ટિકના ગ્લાસ અને જમવાની ડીશનો લોકો મહત્તમ ઉપયોગ કરી રહ્યા છે ત્યારે હાલમાં પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓ બનાવતી ફેક્ટરીઓમાં પ્લાસ્ટિકના દાણાની ઘટ હોય જેના કારણે ફેક્ટરીના સંચાલકો પ્લાસ્ટિકની ચીજ વસ્તુઓ બનાવી શકતા નથી અને જે ભાવે મળે છે તે ખરીદી કરી ચીજ વસ્તુઓ બનાવી માર્કેટમાં મુકાય તો તેનો ભાવ ગ્રાહકોને પરવડે તેમ ન હોય ત્યારે હાલમાં લગ્નની મોસમ તેમજ મુસ્લિમો નો રમઝાન માસ ચાલતો હોય ત્યારે બજારમાં પ્લાસ્ટિકના ગ્લાસ, ડીસ, કપ જેવી ચીજ વસ્તુઓના ભાવો આસમાને બોલાઈ રહ્યા છે. જોકે યુધ્ધના કારણે ભવો વધી રહ્યા હોવાનું વેપારીઓ ગ્રાહકોને જણાવી રહ્યા છે પરંતુ ખરેખર ચીજ વસ્તુઓના ભાવો વધી રહ્યા છે. કે કેમ તેની સરકારે પણ તપાસ કરવાની જરૂર રહી છે. જોકે હાલમાં વેપારીઓ ગ્રાહકોને બરોબરના લુટી રહ્યા છે.

## આજે વાપી મનપા દ્વારા કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** આજે વાપી મહાનગરપાલિકા દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ સાયબર ફ્રોડ તેમજ બ્રેસ્ટ કેન્સર જાગૃતિ ઉપર સેમિનાર અને કાર્યક્રમો યોજાશે.

વાપી મહાનગરપાલિકા દ્વારા આજે તા. તા.૧૦/૦૩/૨૦૨૬, મંગળવારના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ-૨૦૨૬ની ઉજવણી અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં બ્રેસ્ટ કેન્સર જાગૃતિ અને સાયબર ગુના સામે સલામતી જેવા વિષયો ઉપર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન તેમજ ટ્રાઈબલ્સ કોર્નર - વલસાડ દ્વારા તૈયાર કરવામાં આવેલ હેન્ડલૂમ હેન્ડીક્રાફ્ટના પ્રદર્શની, વાપી મહાનગરપાલિકાના રોફેલ કોલેજ નામધા કેમ્પસ પાસે આવેલ પદ્મભૂષણ રજ્જુભાઈ શ્રોફ ઓડીટોરિયમ ખાતે રાખવામાં આવ્યું છે.

**નેમિનાથ ટ્રેડર્સ**




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
**VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)**

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount — Till 31st March
FREE Textbooks — From Nursery to Std 10
Special Concession — On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

રશીયન, મેક્સીકન, યુથોપીયન, આફ્રિકન, મેંગોલીયન કલાકારો સાથે કદી ન જોયા હોય તેવા જબરદસ્ત સ્ટંટ

માત્ર વિદેશી કલાકારો દ્વારા ભજવાતું ભારતનું એકમાત્ર ભવ્ય સર્કસ
શો સમય ગાળો 2 કલાક
OLYMPIAN CIRCUS PRESENTS
ઈન્ટરનેશનલ સર્કસ ફેસ્ટીવલ
વાપી-ચલા મુક્તાનંદ માર્ગ મહાદેવ મંદિરની બાજુમાં
દરરોજ 2 શો 6.00 9.00
શનિ-રવિ 3 શો 3.00 6.00 9.00

વાપીમાં પહેલી જ વાર એનિમલ હૉલોગ્રામ શો અને ભવ્ય લેસર શો

Follow us : @suratjanta
ટીકીટ બુકીંગ સ્થળ ઉપર સવારે ૧૦ થી આખો દિવસ
Online Tickets on : bookmyshow
સંપર્ક : 7990555636

## ૯૨મા જન્મદિને 'ગફુરચાચા'ને અનેક શુભકામના



સમગ્ર ગુજરાત અને ખાસ કરીને વાપી પ્રાંતમાં અતિ લોકપ્રિય, સનમાનીય, અને ગાંધીવાદી સમાજ સેવક, માનવતાની મૂર્તિ અને આપણા સૌના વડીલ અને રાહબરી આપનારને અનેકો અનેક સંસ્થાઓને નવી દિશા અર્પણ કરેલ છે.
સમાજના નબળા વર્ગોના માણસો માટે અતિ ઉપયોગી મદદો, દરેક વર્ગના ઉદ્ધાર માટે તેઓનું કાર્ય હર હંમેશા નિઃસ્વાર્થ અને સમર્પણ ભાવનાથી તટો તટ રહેતું હોય છે. આપનું જીવન અમોને સેવા કરુણા અને માનવતાનો સાચો પાઠ શીખવ્યો છે.

**પદ્મશ્રી ગફુરભાઇ બીલખિયા**

એવા મહાન સમાજ સેવીના ૯૨ માં જન્મદિને ખુબ ખુબ બધાઈ શુભકામના, શતાયુ પાર કરે એવી જગત જનની માં આશા પુરા તથા ઈશ્વર અલ્લાહને પ્રાર્થના સહ :

બાપુશ્રી ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા સાહેબ
(પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી)

કે. એસ. હિંમતસિંહજી જાડેજા (રવેચી ગ્રુપ વાપી)
કે. એસ. ગીરીરાજસિંહજી જાડેજા
શ્રી મહેન્દ્રસિંહજી ગુમાનસિંહજી જાડેજા
શ્રી મુકેશસિંહજી ઠાકુર (જય ભારત રોડ લાઈન)
શ્રી જયરાજસિંહજી ઝાલા (રાજપૂત સમાજ પ્રમુખ)
શ્રી ધર્મેન્દ્રસિંહજી પરમાર એડવોકેટ (વલસાડ-વાપી)
શ્રી અરમદીપ સિંહજી જાડેજા (પ્રણવ ગ્રુપ વાપી)
શ્રી અખેરાજસિંહજી ઝાલા (વાપી)
શ્રી ડો. ધમેન્દ્રસિંહજી પરમાર (નરોલી)
શ્રી સમર્થસિંહજી જાડેજા (દમણ)
શ્રી વિરેન્દ્રસિંહજી દરૂ (સેલવાસ)
શ્રી સોહિલ શેખ એડવોકેટ (વલસાડ)

## વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં મહિલા દિવસ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**આહવા, તા. ૦૯ :** સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૬ ને મહિલા ખેડૂત વર્ષ તરીકે જાહેર કરાયેલ હોવાને અનુસંધાને તા.૭ માર્ચ ૨૦૨૬ના રોજ નવસારી કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘાઈ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલા ખેડુતોમાં આત્મવિશ્વાસ વધારવાનો, તેમની કૃષિ ક્ષેત્રમાં ભૂમિકા મજબૂત કરવાનો તથા કૃષિ આધારિત ઉદ્યોગસાહસિકતા તરફ પ્રેરિત કરવાનો હતો.

આ કાર્યક્રમમાં આસપાસના ગામોમાંથી કુલ ૬૬ જેટલી આદિવાસી મહિલા ખેડુતો ઉપસ્થિત રહી સક્રિય ભાગ લીધો હતો.

આ કાર્યક્રમનું આયોજન ડૉ. જેની લાલવાણી, વૈજ્ઞાનિક (ગૃહ વિજ્ઞાન), કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય અતિથિ તરીકે ડૉ. પરેશ વાવડિયા, સંશોધન વૈજ્ઞાનિક, હિલ મિલેટ રિસર્ચ સ્ટેશન, વઘઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના માર્ગદર્શનમાં મહિલા ખેડુતોને મિલેટ આધારિત ખેતી તથા મિલેટના મૂલ્યવર્ધિત ઉત્પાદનો દ્વારા આવક વધારવાના અવસર વિશે માહિતી આપી અને સફળ મહિલા ખેડુતોના ઉદાહરણો રજૂ કર્યા.

આ પ્રસંગે ડૉ. જે.બી. ડોબરીયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઈ દ્વારા કૃષિ વિકાસમાં મહિલા ખેડુતોની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ મહિલાઓને ખેડૂત જૂથોમાં સક્રિય રીતે જોડાઈ નેતૃત્વની ભૂમિકા નિભાવવા પ્રોત્સાહિત કરવામાં આવી.

આ કાર્યક્રમ દરમિયાન ડૉ. જેની લાલવાણી દ્વારા વુમન ટુ વુમન ટોક સત્ર યોજાયું જેમાં ખેતી ઉત્પાદનોના મૂલ્યવર્ધન દ્વારા નાના ઉદ્યોગ શરૂ કરવા, તેમજ ઉત્પાદનના માર્કેટિંગ, પેકેજિંગ અને લેબલિંગ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ઉપરાંત મહિલાઓમાં આત્મવિશ્વાસ અને સમૂહ સંકલન વધે તે માટે સરળ સમૂહ રમતો અને આંતરક્રિયાત્મક પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવી. સાથે જ આ કાર્યક્રમ દ્વારા મહિલા ખેડુતોમાં જાગૃતિ ફેલાવવાની સાથે તેમને કૃષિ ઉદ્યોગસાહસિકતા તરફ પ્રેરિત કરવાનો મહત્વપૂર્ણ પ્રયત્ન કરવામાં આવ્યો.

## ગણદેવીમાં રૂા. ૨.૯૫ કરોડના ૧૯ વિકાસકામોનું કેન્દ્રીય મંત્રી દ્વારા લોકાર્પણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**બીલીમોરા, તા. ૦૯ :** ગણદેવી નગરપાલિકા વિસ્તારમાં નાગરિક સુવિધાઓને વધુ સુદ્રઢ બનાવવાના ઉમદા હેતુથી આજે ભારત સરકારના જલ શક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પાટીલના વરદ હસ્તે રૂા. ૨.૯૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા કુલ ૧૯ જેટલા પ્રજાલક્ષી વિકાસ કાર્યોનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વંદેમાતરમ ચોક ખાતે આયોજિત આ કાર્યક્રમમાં ગણદેવીના સર્વાંગી વિકાસ માટે પાલિકા દ્વારા હાથ ધરાયેલા પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.

આ ગરિમામય પ્રસંગે ગુજરાત રાજ્યના આદિજાતી વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, પાણી પુરવઠા




અને જળસંપત્તિ મંત્રી ઈશ્વરભાઈ પટેલ તથા જિલ્લા પંચાયત પ્રમુખ પરેશભાઈ દેસાઈ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત નવસારીના ધારાસભ્ય રાકેશભાઈ દેસાઈ, અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર કમલ કિશોર સોન, જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે, પાલિકા પ્રમુખ ભાવેશ પટેલ,નીરવ સગર અને જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓની હાજરીમાં વિકાસના કામો જનતાને સમર્પિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં સંબોધન કરતા મહાનુભાવોએ શહેરના વિકાસ માટેના વિવિધ કામોની રૂપરેખા આપી હતી અને નાગરિકોને આ નવનિર્મિત સુવિધાઓનો સદુપયોગ કરવા તથા ગણદેવીને સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવામાં સહયોગ આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતાં.

## માસામાં મફત તબીબી શિબિર સંપન્ન : ૨૩૮ દર્દીઓએ સેવાનો લાભ લીધો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**બીલીમોરા, તા. ૦૯ :** ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા માસા ગામે રવિવારે ગણદેવી અમૃતમ હોસ્પિટલ, રોટરી ક્લબ ઓફ ગણદેવી, શ્રી મહાકાળી ચેરીટેબલ ટ્રસ્ટ-માસા અને રોટરી આઈ હોસ્પિટલ નવસારીના સંયુક્ત ઉપક્રમે વિશાળ મફત તબીબી તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે શાહવીર બેહઝાદ સુરાલીવાલા અને રોટરી આઈ હોસ્પિટલના સેક્રેટરી યોગેશ નાયક વિશેષ ઉપસ્થિત કેમ્પ નો શુભારંભ કરાવ્યો હતો. શિબિર દરમિયાન અમૃતમ હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરો દ્વારા હાડકાં, જનરલ મેડિસિન, ચામડી, બાળરોગ, કાન-નાક-ગળા અને દાંતના કુલ ૨૩૯ દર્દીઓની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી અને જરૂરિયાતવાળા દર્દીઓને વિનામૂલ્યે દવાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. રોટરી આઈ હોસ્પિટલ નવસારી દ્વારા આંખના ૧૨૭ દર્દીઓની તપાસ કરી ૫૯ દર્દીઓને નિઃશુલ્ક ચશ્મા આપવામાં આવ્યા હતા, જ્યારે મોતિયાબિંદ અને ગ્લુકોમાના ૨૩ દર્દીઓનું નિદાન કરી તેમને મફત શસ્ત્રક્રિયા માટે રિફર કરવામાં આવ્યા હતા. આ સેવાકીય યજ્ઞને સફળ બનાવવામાં અમૃતમ ટ્રસ્ટના પ્રમુખ રાકેશ નાયક, મંત્રી અમિત નાયક મહાકાળી ટ્રસ્ટના પ્રમુખ જયંતીભાઈ માસેકર, ડો. અનિલભાઈ પટેલ, કિશોરભાઈ પટેલ (ભાગડ) તથા પિયુષભાઈ પટેલનું મહત્વનું યોગદાન રહ્યું હતું. શિબિરના અંતે ગ્રામીણ વિસ્તારમાં શ્રેષ્ઠ આરોગ્ય સેવા પૂરી પાડવા બદલ રોટરી ક્લબ ગણદેવીના પ્રમુખ શૈલેશ વશી, મંત્રી પારુલ નાયક, પ્રોજેક્ટ ચેરમેન રાકેશ નાયક અને અમૃતમ હોસ્પિટલના CEO અમન મુલતાની સહિતના સમગ્ર સ્ટાફની કામગીરીને બિરદાવી આભાર માનવામાં આવ્યો હતો.

### બીલીમોરામાં મંત્રી નરેશ પટેલના હસ્તે સ્વદેશી મેળા-૨૦૨૬ નો ભવ્ય પ્રારંભ

## સોમનાથ પરિસર કલા-કૌશલ્યના રંગે રંગાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**બીલીમોરા, તા. ૦૯ :** હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી ના સંકલ્પ સાથે બીલીમોરા નગરપાલિકા અને ગુજરાત સરકારના શહેરી આજીવિકા મિશન દ્વારા આયોજિત બીલીમોરા સ્વદેશી મેળો-૨૦૨૬નું શુક્રવારે સવારે મંત્રી નરેશ પટેલના વરદ હસ્તે રિબિન કાપીને વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. સોમનાથ મંદિરના પવિત્ર પરિસરમાં યોજાયેલા આ મેળામાં ૫૦ જેટલા વિવિધ સ્ટોલ્સ લગાવવામાં આવ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મેળામાં મુલાકાતીઓ માટે સ્વાદિષ્ટ ખાણી પીણીના સ્ટોલ્સથી લઈને રેડીમેડ કપડાં, હેન્ડમેડ શેમ્પૂ, સાબુ, ઘર શણગારની લાકડાની ચીજવસ્તુઓ તથા ઘરગથ્થુ બનાવટના પાપડ અને નાસ્તા જેવી અનેકવિધ વસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. ખાસ કરીને સખી મંડળની બહેનો અને સ્થાનિક નાના ઉદ્યોગોને પ્લેટફોર્મ પૂરું પાડવાના આ પ્રયાસને મુલાકાતીઓ દ્વારા ખૂબ જ બિરદાવવામાં આવી રહ્યો છે. સ્વદેશી મેળો ૦૬ માર્ચથી શરૂ થઈને ૧૫ માર્ચ (રવિવાર) સુધી ચાલશે, જેમાં દરરોજ સવારે ૧૦ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી નાગરિકો મુલાકાત લઈ શકશે. પાલિકા પ્રમુખ મનીષ પટેલે તમામ નગરજનોને આગ્રહભરી અપીલ કરી છે કે તેઓ વધુમાં વધુ સંખ્યામાં મેળાનો લાભ લે અને સ્વદેશી વસ્તુઓ ખરીદીને સ્થાનિક કલાકારોને આર્થિક રીતે મજબૂત કરવામાં સહયોગ આપે.

મેક ઈન ઈન્ડિયા અભિયાનને વેગ આપવા અને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવાના ઉમદા હેતુથી આયોજિત આ પ્રસંગે પાલિકા પ્રમુખ મનીષ પટેલ, ચીફ ઓફિસર સંદીપ પટેલ, ઉપપ્રમુખ તેજલબેન જોષી, કારોબારી ચેરમેન પ્રગ્નેશ પટેલ અને ભાજપ શહેર પ્રમુખ નીરવ ટેલર,સીટી ઈજનેર સંકેત પટેલ, મહામંત્રી ભરત પટેલ અને મનીષ દેસાઈ, મનહર ઉર્ફ મનાભાઈ પટેલ, મનીષ નાયક અને શાંતિલાલ પટેલ સહિતના અનેક મહાનુભાવો અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.

## રહેજમાં જલ મહોત્સવ અને જલ અર્પણ દિવસની ઉજવણી

### કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર. પાટીલના દ્વારા મહિલા પાણી સમિતિઓને ચેક વિતરણ અને શ્રેષ્ઠ આંગણવાડી સેવિકાઓને 'યશોદા એવોર્ડ'થી સન્માનિત કરાયા

(દમગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૦૯ :** ભારત સરકારના જલ શક્તિ મંત્રાલય દ્વારા ઉજવાતા સુજલામ શક્તિ દિવસ નિમિત્તે જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના રહેજ ગામ ખાતે જલ મહોત્સવ અને જલ અર્પણ દિવસની ઉજવણી કેન્દ્રીય જલ શક્તિ મંત્રી અને નવસારીના સંસદસભ્ય સી.આર. પાટીલના અધ્યક્ષસ્થાને ઉત્સાહભેર યોજાયો હતો.



કાર્યક્રમના પ્રારંભે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલ, પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે જલ અર્પણ કુંડમાં પ્રતિકાત્મક જલ અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રતિકાત્મક વિધિ દ્વારા જળ સંરક્ષણ, પાણી પ્રત્યે આદરભાવ અને સંવર્ધનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

મહિલા દિવસની શુભકામનાઓ પાઠવી કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર. પાટીલે જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા મહિલાઓના આરોગ્ય, શિક્ષણ અને સુરક્ષા માટે અનેક મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અવસરે કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સી.આર. પાટીલ, રાજ્ય મંત્રીઓ તથા ઉપસ્થિત મહાનુભાવો અને ગ્રામજનોએ જળ સંચય અને જળ સંરક્ષણ માટે સંકલ્પપૂર્વક પ્રતિજ્ઞા લીધી હતી આ પ્રસંગે રાજ્ય સરકારના નર્મદા જલ અને કલ્પસર વિભાગના અગ્રસચિવ શાહમીના હુસૈન, ભારત સરકારના પેયજળ અને સ્વચ્છતા વિભાગના અધિક સચિવ અને મિશન ડાયરેક્ટર કમલ કિશોર સોન, પેયજળ ડિરેક્ટર હરિ નારાયણ, વાસ્મો મુખ્ય કાર્યકારી અધિકારી સ્તુતિ ચારણ તથા કેન્દ્ર તથા રાજ્યના ઉચ્ચ અધિકારી કાર્યક્રમમાં સહભાગી થયા હતાં.


નવસારી જિલ્લા કલેકટર ક્ષિપ્રા આગ્રે સ્વાગત પ્રવચન કરી નવસારી જિલ્લામાં થયેલ જળ સંચયના કામોની વિગતવાર માહિતી સાથે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ પરેશભાઈ દેસાઈ, નવસારી ધારાસભ્ય રાકેશભાઇ દેસાઈ, ગણદેવી તાલુકા પંચાયત પ્રમુખ પ્રશાંતકુમાર શાહ, નવસારી જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, વાંસદા પ્રયોજના વહીવટદાર પ્રણવ વિજયવર્ગીય, નવસારી પોલીસ અધિક્ષક રાહુલ પટેલ સહિત જિલ્લાના અધિકારીઓ, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## બીલીમોરામાં આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો ધમધમાટ

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા તરસાડી નગરપાલિકા નિરીક્ષક તરીકે બીલીમોરાના રામબાબુ શુકલાની નિમણૂક

(દમગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૯ :** ગુજરાતમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને રાખીને રાજકીય માહોલ ગરમાયો છે, જેના ભાગરૂપે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠનને વધુ વેગવંતુ બનાવવા અને પ્રજાલક્ષી મુદ્દાઓના સુચારૂ અમલીકરણ માટે મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. પ્રદેશ નેતૃત્વની સૂચના અનુસાર સુરત જિલ્લાની ચાર મુખ્ય નગરપાલિકાઓ માટે નિરીક્ષકોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જેમાં બારડોલી માટે મનોજભાઈ પરમાર, માંડવી માટે રેહાના ગામીત અને સમીરભાઈ



વસાવા, તરસાડી માટે રામબાબુ શુક્લા (બીલીમોરા) તથા કડોદરા માટે આશિષભાઈ રૈયની નિમણૂક કરવામાં આવી છે, જેઓ આગામી દિવસોમાં પક્ષના કાર્યક્રમો અને ચૂંટણીલક્ષી તૈયારીઓનું સંકલન કરી પાયાના સ્તરે સંગઠનને મજબૂત બનાવવાની કામગીરી સંભાળશે.

## પાલક માતા-પિતા યોજના : અનાથ અને નિરાધાર બાળકો માટે આર્થિક સહાય

**બીલીમોરા, તા.૦૯ :** ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ૧૮ વર્ષથી ઓછી ઉંમરના અનાથ અને નિરાધાર બાળકોને પારિવારિક વાતાવરણમાં ઉછેર મળે તે હેતુથી પાલક માતા-પિતા યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ જે બાળકના માતાપિતા બંનેનું અવસાન થયું હોય અથવા માતા કે પિતાના અવસાન બાદ હયાત વાલીએ પુનઃલગ્ન કર્યા હોય અને બાળકનો ઉછેર દાદા દાદી કે નજીકના સંબંધીઓ દ્વારા થતો હોય, તેવા બાળકને શિક્ષણ અને દૈનિક જરૂરિયાતો માટે દર મહિને રૂ. ૩૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવે છે.આ લાભ મેળવવા માટે ગ્રામ્ય વિસ્તારમાં વાર્ષિક આવક રૂા. ૨૭૦૦૦ અને શહેરી વિસ્તારમાં રૂા. ૩૬૦૦૦ થી વધુ ન હોવી જોઈએ. અરજી સાથે માતા પિતાનો મૃત્યુ દાખલો, બાળકનું જન્મ પ્રમાણપત્ર,શાળાનું બોનોફાઈડ, આધારકાર્ડ, બેંક વિગતો અને આવકનો દાખલો જેવા જરૂરી દસ્તાવેજો જોડવાના રહેશે. વધુ વિગત માટે નવસારી જિલ્લા બાળ સુરક્ષા એકમ,ફોન નં. ૦૨૬૩૭-૨૮૧૪૪૦નો સંપર્ક સાધી શકાશે.

## ખેરગામ જામનપાડામાં એનાર્ડે ફાઉન્ડેશને મહિલા દિનની ઉજવણી કરી

**ખેરગામ, તા.૦૯ :** ખેરગામ તા.ના જામનપાડા ગામે સુપ્રસિદ્ધ માવલી માતાજીના પટાંગણમાં મહિલા દિવસની ઉજવણી નિમિત્તે એનાર્ડે ફાઉન્ડેશન દ્વારા મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, સ્વરોજગાર આત્મનિર્ભરતા અંગે સેમિનારમાં માર્ગદર્શન આપવામાં આવ્યું.

મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરી ઉપસ્થિત મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું એનાર્ડે ફાઉન્ડેશન જિલ્લા સંયોજક મનીષાબેન પટેલ દ્વારા ૮ માર્ચના



આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનું મહત્વ સમજાવ્યું હતું. મહિલાઓ સમાજ અને પરિવારના વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. અને મહિલાઓના સર્વાંગી વિકાસ વગર સમાજનો વિકાસ શક્ય નથી.

ખેરગામ પોલીસ સ્ટેશનના એએસાઈ સુમિત્રાબેન મહિલા પોકૉ.યોગિનીબેન- પ્રિયન્કાબેન દ્વારા મહિલા સુરક્ષા અને રક્ષણ તેમજ મહિલાઓને આગળ વધવા માટે મહિલા અધિકારોને લગતા મુદ્દાઓ પર જાગૃતિ લાવવા માટેની પહેલ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.મહિલા દિન નિમિત્તે હાજર દરેક બહેનોનું ફૂલોથી સ્વાગત સન્માન પણ કરવામાં આવ્યું શુભેચ્છાની આપ-લે કરી હતી.નવસારી જિલ્લા ભાજપ સંગઠન પૂર્વ મંત્રી તર્પણબેન વણકર, સખીમંડળના પ્રમુખ સેજલબેન, જયેશ્રીબેન તથા મોટી સંખ્યામાં બહેનોએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૦-૦૨-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** ફાગણ, સાતમ **સૂર્યોદય :** ૦૬ : ૫૯ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૧, **ચંદ્રોદય** - ૧૨:૦૪ **ચંદ્રાસ્ત** - ૧૦:૫૦ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - વિશાખા

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે તમારો ગુસ્સો કોઈકને વધુ મુશ્કેલીમાં મુકી દેશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજે સવારે કરવામાં આવેલ ધ્યાન દિવસભર માનસિક રાહત લાવશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો.

**મિથુન(ક.છ.ઘ) :** આજના દિવસે વધુ તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળોવો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.

**કર્ક(ડ.હ) :** અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે.

**સિંહ(મ.ટ.) :** આજે પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શક્યતા છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજના દિવસે તમે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો.

**તુલા (ર.ત.) :** આજે તમારી રમૂજવૃત્તિ કોઈકને પોતાનામાં આ કૌશલ્ય વિકસાવવાનો ઉત્સાહ આપશે કેમ કે ખુશી ચીજ-વસ્તુઓ મેળવવામાં કે તેના સંગ્રહમાં નહીં પણ આપણી અંદર હોય છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે તમારે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે?

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે હળવા થવા માટે નિકટના મિત્રો સાથે સમય વિતાવજો. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો.

**મકર(જ.ખ) :** આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે.

**કુંભ(ગ.શ.સ.) :** તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે.

## દમણ રેડિયો

आकाशवाणी

**102.3 FM**

**મંગળવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૫૨૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | 4 | | | | 9 | 3 | |
| | | 3 | 6 | | 2 | 1 | | |
| 6 | | 8 | | | | 4 | | 2 |
| | | | 1 | | 7 | | | |
| | | 5 | | 2 | | 6 | | |
| | | | 3 | | 6 | | | |
| 1 | | 9 | | | | 8 | | 3 |
| | | 6 | 9 | | 4 | 5 | | |
| | 3 | 7 | | | | 2 | 4 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેકબોક્સમાંએકથીનવસુધીનોઆંકઆવવાજોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૨૮નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 7 | 1 | 3 | 5 | 8 | 2 | 4 | 6 |
| 8 | 3 | 6 | 9 | 4 | 2 | 5 | 1 | 7 |
| 2 | 4 | 5 | 7 | 6 | 1 | 9 | 3 | 8 |
| 1 | 6 | 9 | 8 | 2 | 3 | 4 | 7 | 5 |
| 3 | 2 | 7 | 4 | 1 | 5 | 6 | 8 | 9 |
| 5 | 8 | 4 | 6 | 9 | 7 | 3 | 2 | 1 |
| 6 | 1 | 3 | 2 | 7 | 9 | 8 | 5 | 4 |
| 4 | 5 | 2 | 1 | 8 | 6 | 7 | 9 | 3 |
| 7 | 9 | 8 | 5 | 3 | 4 | 1 | 6 | 2 |

# સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ


Tuesday 10, March 2026

દમણગંગા ટાઈમ્સ
DAMANGANGA TIMES


## વાપીની શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ ભરતનાટ્યમ પરીક્ષામાં ઝળક્યા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** પ્રણવ પારિજાત ટ્રસ્ટ, સુરત સંચાલિત મહાગુજરાત ગંધર્વ સંગીત સમિતિ દ્વારા નવેમ્બર ૨૦૨૫ દરમિયાન યોજાયેલી સંગીત પ્રારંભિક ભરતનાટ્યમ પરીક્ષાનું પરિણામ તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું છે. આ પરીક્ષામાં સલવાવ સ્થિત શ્રી ઘનશ્યામ વિદ્યામંદિરના પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લઈ તમામે ફર્સ્ટ ક્લાસ અને ડિસ્ટીંગશન સાથે ઉત્તિર્ણ થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે.

આ ગૌરવ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓમાં દિત્યા જગદીશ નાંદોલા ડિસ્ટીંગશન સાથે, રોશનીબેન ભુપતસંગ મકવાણા ડિસ્ટીંગશન સાથે, પ્રત્યુશાબેન જગદીશભાઈ ગજ્જર ફર્સ્ટ ક્લાસ સાથે, પ્રાંજલ ઉમેશભાઈ કલસરિયા ફર્સ્ટ ક્લાસ સાથે તેમજ મહેક કમલેશભાઈ ઉમરાળીયા ફર્સ્ટ ક્લાસ સાથે ઉત્તિર્ણ થયા છે.

આ પરીક્ષા વલસાડથી પધારેલા જાણીતા કલાગુરુ પૂર્વી રાણાના માર્ગદર્શન અને નિગરાની હેઠળ લેવામાં આવી હતી. વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ ભરતનાટ્યમ નૃત્ય તાલીમ નૃત્યશિક્ષિકા મનીષા મેહુલ પરમાર દ્વારા આપવામાં આવી હતી.

આ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય કપિલ સ્વામીજી, એકેડેમી ડાયરેક્ટર ડો. શૈલેષ લુહાર, એડમિન ડાયરેક્ટર હિતેન ઉપાધ્યાય, આચાર્ય ચંદ્રવદન પટેલ તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતાં.

## વાપીમાં મુસ્કાન એનજીઓ દ્વારા ૫૦ મહિલાઓનું વિશેષ સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** મુસ્કાન એનજીઓ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી માટે લાયન્સ વર્શીપ હોલ ખાતે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન, પ્રતિકૂળ પરિસ્થિતિઓ છતાં પોતાના પરિવારો અને સમાજ માટે પ્રેરણાદાયી કાર્ય કરનારી ૫૦ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વિધવા મહિલાઓને સહાય કરવા માટે વિધવા પેન્શન યોજનાના ફોર્મ પણ ભરવામાં આવ્યા હતા, જેથી જરૂરિયાતમંદ મહિલાઓ સરકારી યોજનાઓનો લાભ મેળવી શકે.

મુસ્કાન એનજીઓના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમાજમાં મહિલાઓના યોગદાનનું સન્માન અને સશક્તિકરણ કરવાનો છે. આવા કાર્યક્રમો મહિલાઓના આત્મવિશ્વાસને વધારે છે અને સમાજને સકારાત્મક સંદેશ આપે છે. એવું જાણવા મળ્યું છે કે મુસ્કાન એનજીઓએ વિ- મહિલા મંડળ, લાયન્સ ક્લબ ભીલાડ, માન્ય એનજીઓ, મહિલા સશક્તિકરણ ક્લબ ડાયમંડ, મહિલા સશક્તિકરણ ક્લબ ઉડાન, મહારાષ્ટ્ર મહિલા મંડળ, લાયન્સ ક્લબ આલ્ફા અને કન્નડ સંઘના સહયોગથી આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

### બે વૃદ્ધાઓને સહાય

આજના આ કાર્યક્રમમાં બે વૃદ્ધ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને જરૂરી સહાયની જાહેરાત કરવામાં આવી હતી. પોતાના દીકરા અને વહુના મૃત્યુ પછી તે એક વૃદ્ધ મહિલાના બાળકોનો ઉછેર કરી રહી છે. આ માટે, તે આ વૃદ્ધાવસ્થામાં લોકોના ઘરે કામ કરે છે. બાળકોને દરરોજ શાળાએ મોકલવા સહિતની બધી જવાબદારીઓ તેણે નિભાવી તેને ખાસ ધ્યાને લઈ મુસ્કાન ગ્રુપ દ્વારા તેઓને આ કાર્યક્રમમાં બોલાવી વિશેષ સન્માન પણ કર્યું હતું.

## સરીગામની મેરિટ ઓર્ગેનિક કંપનીનું ઉત્પાદન જીપીસીબીએ બંધ કરાવ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** સરીગામ GIDC વિસ્તારમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા કરવામાં ચેકિંગ દરમિયાન મેસ મેરિટ ઓર્ગેનિક નામની કંપની સામે ગંભીર પર્યાવરણ સંબંધિત બેદરકારી સામે આવતા તાત્કાલિક અસરથી ક્લોઝર નોટિસ ફટકારવામાં આવી હતી. કાર્યવાહી અંતર્ગત કંપનીનું વીજળી અને પાણીનું કનેક્શન પણ બંધ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. GIDC વિસ્તારમાં વિવિધ ઉદ્યોગોની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન મેરિટ ઓર્ગેનિક કંપનીમાં સ્ક્રબર સિસ્ટમમાંથી નીકળતું ગંદુ પાણી યોગ્ય રીતે ટ્રીટ કર્યા વગર સીધું જ જમીન પર છોડવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું.

જેના કારણે પગરણ અને જમીનને નુકસાન થવાની શક્યતા હોવાનું અધિકારીઓએ નોંધ્યું હતું. તે સિવાય તપાસ દરમ્યાન કંપનીની ચીમનીમાંથી નીકળતા ધુમાડા માટે ગંદુ પાણી ટ્રીટ કર્યા વગર રસ્તા પર છોડવા સહિત પ્રદૂષણ નિયંત્રણ સિસ્ટમ કાર્યરત ન હોવાથી વીજળી અને પાણી કનેકશને કાપી નાંખ્યું, જરૂરી પ્રદૂષણ નિયંત્રણ સિસ્ટમ યોગ્ય રીતે કાર્યરત ન હોવાની બાબત પણ સામે આવી હતી. જેના કારણે હવા પ્રદૂષણ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી.

રાખીને GPCB દ્વારા કંપની સામે કડક પગલાં લઈ ક્લોઝર નોટિસ આપીને કંપનીનું ઉત્પાદન કાર્ય તાત્કાલિક બંધ કરાવવામાં આવ્યું છે.

અધિકારીઓએ જણાવ્યું હતુ કે, કંપની દ્વારા તમામ પર્યાવરણ સંબંધિત નિયમોનું પાલન કરી ખામીઓ દૂર કર્યા બાદ જ ફરી કામગીરી શરૂ કરવાની મંજૂરી આપવામાં આવશે.

GPCB દ્વારા કંપનીમાંથી નીકળતા ઔદ્યોગિક કચરાના નિકાલ અંગે પણ વિગતવાર માહિતી માંગવામાં આવી છે. આ કાર્યવાહી સરીગામ GIDC વિસ્તારમાં અન્ય ઉદ્યોગો માટે પણ ચેતવણીરૂપ માનવામાં આવી રહી છે.

## ઉમરગામમાં અકરા મારૂતિ મંદિરના જીર્ણોદ્ધારની કામગીરી શરુ





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ઉમરગામ નગરપાલિકાના પ્રવેશ દ્વાર સમાન હજારો શ્રદ્ધાળુઓના આસ્થાના કેન્દ્ર એવા અકરા મારુતિ મંદિરના જીર્ણોદ્ધારની કામગીરી શરૂ કરાતા ભક્તોમાં આનંદની લાગણી. મંદિરના પટાંગણમાં શાસ્ત્રોત વિધિ વિધાન મુજબ પૂજા કરવામાં આવી હતી જેમાં સ્થાનિક વિસ્તારના ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. અકરા મારુતિ મંદિર ટ્રસ્ટના પ્રમુખ આશિષભાઈ તેમના દ્વારા મંદિરના જીર્ણોદ્ધાર વિશે વિસ્તૃત જાણકારી પૂરી પાડવામાં આવી હતી સાથે જ ઉમરગામ નગરપાલિકાના પૂર્વ ચીફ ઓફિસર શૈલેષભાઈ પટેલે અકરા મારુતિ મંદિર ટ્રસ્ટની કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતાં.

## દમણ બીચ પર વિદ્યાર્થીઓની સમાનતા માટે માર્ચ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી (GNLU) સિલવાસા કેમ્પસના વિદ્યાર્થીઓએ જેન્ડર સેન્સિટાઈઝેશન કમિટીના માર્ગદર્શન હેઠળ દમણ બીચ પર સમાનતા માટે માર્ચનું આયોજન કર્યું હતું. આ પહેલનો મુખ્ય હેતુ સમાજમાં જાતિ સમાનતા અને મહિલા સશક્તિકરણ અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

આ કાર્યક્રમ સમિતિ દ્વારા આયોજિત જાગૃતિ અભિયાનોની શ્રેણીના ચોથા દિવસે યોજાયો હતો. કૂચ મોટી દમણના લાઈટહાઉસથી શરૂ થઈ રામ સેતુ સુધી લગભગ બે કલાક સુધી ચાલી હતી. અંદાજે બે કિલોમીટર લાંબી આ કૂચ દરમિયાન વિદ્યાર્થીઓએ જાતિ સમાનતા અને મહિલા સશક્તિકરણના સમર્થનમાં ઉર્જાભર્યા સૂત્રોચ્ચાર કર્યા હતા.

કૂચ દરમિયાન અનેક પ્રવાસીઓ અને સ્થાનિક નાગરિકો વિદ્યાર્થીઓ સાથે જોડાયા હતા. વિદ્યાર્થીઓએ લોકો સાથે સંવાદ કરી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના મહત્વ વિશે માહિતી આપી અને આ વર્ષની થીમ "Give to Gain – લાભ મેળવવા માટે આપો અંગે ચર્ચા કરી હતી.

## યુઆઈએની ચૂંટણીમાં ત્રણ ઉમેદવારોના ફોર્મ રિજેક્ટ કરાયા

**કુલ ૩૪ ઉમેદવારો પૈકી ત્રણ ઉમેદવારોના ફોર્મ રિજેક્ટ થતા હવે ૩૧ ઉમેદવારો મેદાને : ૧૫મી માર્ચના રોજ ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા બાદ ચિત્ર સ્પષ્ટ થશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણી અંતર્ગત આજરોજ ફોર્મ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરાઈ હતી જેમાં ત્રણ જેટલા ઉમેદવારોના ફોર્મ રદ થયા હતાં. દિનેશભાઈ પઢીયાર, છોટુભાઈ વર્મા, અને મિહિર સોનપાલના ફોર્મ રદ થતાં હવે કુલ ૩૧ જેટલા ઉમેદવારો ચૂંટણી પ્રક્રિયા માટે માન્ય રહ્યા છે. આગામી ૧૫ મી માર્ચના રોજ ફોર્મ પરત ખેંચવા ની તારીખ છે. ત્યારબાદ ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝેશન ની ચૂંટણી નું ચિત્ર સ્પષ્ટ થશે. જોકે આગામી ચૂંટણીમાં યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ સામે સિટીઝન ની ટીમ મેદાને ઊતરી છે. ૨૭ માર્ચ ના રોજ મતદાન પ્રક્રિયા બાદ મોડી સાંજે મતગણતરી હાથ ધરાશે.

## સોળસુંબા અંબાજી મંદિરે મફત નેત્રયજ્ઞ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** અતુલ ફાઉન્ડેશન ટ્રસ્ટ અને શ્રી અગ્રવાલ સમાજ સેવા ટ્રસ્ટ, ઉમરગામના સંયુક્ત ઉપક્રમે સોળસુંબા સ્થિત અંબાજી મંદિર ખાતે મફત નેત્ર યજ્ઞ (આંખોની તપાસ કેમ્પ)નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમાજોપયોગી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી નિષ્ણાંત ડોક્ટરો દ્વારા આંખોની તપાસ કરાવી તેમજ માર્ગદર્શન મેળવ્યું હતું.

કેમ્પ દરમિયાન લાભાર્થીઓને આંખોની વિવિધ સમસ્યાઓ અંગે નિદાન કરવામાં આવ્યું હતું અને જરૂરી સારવાર તથા માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે અતુલ ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા અગ્રવાલ સમાજના આગેવાનો અને કાર્યકરોએ નોંધપાત્ર સેવાઓ આપી હતી.

આવા સમાજહિતના કાર્યક્રમોથી લોકોને આરોગ્ય અંગે જાગૃતિ ફેલાય છે અને જરૂરિયાતમંદોને સમયસર સારવારનો લાભ મળે છે, તેવી લાગણી ઉપસ્થિત લોકોએ વ્યક્ત કરી હતી.

## વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં પૂ.પૂ. આચાર્ય પદ્મદર્શનસૂરીશ્વરજી મહારાજ પધાર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં આજે એક અનોખો આધ્યાત્મિક પ્રસંગ જોવા મળ્યો હતો. પોતાની ગુરુભક્તિ માટે જાણીતા પી.આઈ. મયુરભાઈ પટેલે પ.પૂ. આચાર્ય પદ્મદર્શનસૂરીશ્વરજી મહારાજ ના પગલાં પોલીસ સ્ટેશનમાં કરાવીને પવિત્ર વાતાવરણ સર્જ્યું હતું. મહારાજનું આગમન થતાં જ સમગ્ર પોલીસ સ્ટાફમાં હર્ષની લાગણી ફેલાઈ ગઈ હતી. પીઆઈ મયુરભાઈ અને પોલીસ સ્ટાફના જવાનોએ ગુરુદેવના આશીર્વાદ લીધા હતાં અને ભક્તિભાવપૂર્વક તેમનું સ્વાગત કર્યું હતું. પ.પૂ. આચાર્ય સમ ચંદ્રશેખરવિજયજી મહારાજ ના શિષ્ય રત્ન પૂ. આચાર્ય પદ્મદર્શનસૂરીશ્વરજીએ આ પ્રસંગે ખૂબ જ ભાવુકતાથી પ્રવચન આપ્યું હતું. ઉચ્ચ પોલીસ અધિકારીની આ ગુરુભક્તિ અને ધાર્મિકતાની વાપીના નગરજનોમાં પણ ખૂબ જ પ્રશંસા થઈ રહી છે. આ પ્રસંગે વાપી જૈન સંઘના હોદ્દેદારો તેમજ ગુરુભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## ખાનવેલમાં મહિલા દિન નિમિત્તે રમતગમત સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા.૦૯:** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના રમતગમત અને યુવા બાબતો વિભાગે દમણ અને ખાનવેલમાં વિવિધ રમતગમત સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. લગભગ ૬૦૦ મહિલા ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને પોતાની પ્રતિભા દર્શાવી હતી.

આ કાર્યક્રમમાં વિભાગના નિયામક અરુણ ગુપ્તા મુખ્ય મહેમાન હતાં. સ્પર્ધાઓમાં ચેસ, કેરમ, યોગ, કરાટે, ૧૦૦ મીટર દોડ, શોટ પુટ, વોલીબોલ અને ફૂટબોલનો સમાવેશ થતો હતો.

આ પ્રસંગે આંતરરાષ્ટ્રીય જિમ્નાસ્ટ શ્રેયા રસ્તોગીને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ખાસ સન્માનિત કરવામાં આવ્યા હતાં. સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા ખેલાડીઓને ટ્રોફી, મેડલ અને રમતગમતના સાધનોથી સન્માનિત કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય મહિલાઓને રમતગમત દ્વારા સ્વસ્થ, ફિટ અને સશક્ત જીવનશૈલી જીવવા માટે પ્રેરણા આપવાનો હતો.

## સેલવાસમાં ભાજપ મહિલા મોરચા દ્વારા મહિલા દિવસે વિશેષ કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ મહિલા મોરચા દ્વારા સિલવાસા સ્થિત કલ્ચરલ સેન્ટર ખાતે મહિલાઓ માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની અધ્યક્ષતા પ્રદેશ મહિલા મોરચાની અધ્યક્ષા નિશાબેન ભવર દ્વારા કરવામાં આવી હતી, જયારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયા વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતાં.

કાર્યક્રમ દરમિયાન મહિલાઓ અને બાળિકાઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમોની રજૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રતિભાશાળી બાળિકાઓને સન્માનિત કરવામાં આવી હતી.

કાર્યક્રમનું મંચ સંચાલન મહિલા મોરચાની પ્રદેશ મહામંત્રી ડૉ. પ્રમિલાબેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ભાજપના પ્રદેશ અધ્યક્ષ મહેશભાઈ અગરિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં નારીને હંમેશા શક્તિ, શ્રદ્ધા અને સર્જનનું પ્રતિક માનવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતે તમામને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છાઓ પાઠવી અને નારી સન્માન, નારી સુરક્ષા અને નારી સશક્તિકરણ માટે સતત કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી.

## ધગડમાળગામમાં ૭૧મી અમ્મા-ભગવાનની જન્મજયંતી ઉજવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૯ :** વલસાડ જિલ્લાના નાનાપોઢા તાલુકાના ધગડમાળ ગામે ૭૧મી શ્રી અમ્મા અને શ્રી ભગવાન જન્મજયંતી ભક્તિભાવથી ઉજવવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન ગામના શૈલેશભાઈ પટેલ પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તો અને ગામજનો ઉપસ્થિત રહી આધ્યાત્મિક વાતાવરણમાં ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆત પૂજા-અર્ચના અને મંત્રોચ્ચાર સાથે કરવામાં આવી હતી. ભક્તો દ્વારા મૂળ મંત્ર નો જાપ કરીને ભગવાન પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરવામાં આવી હતી. ૐ સચ્ચિદાનંદ પરબ્રહ્મ, પુરુષોત્તમ પરમાત્મા, શ્રી ભગવતી સમેત, શ્રી ભગવતે નમઃ મંત્રના જાપથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ભક્તોએ શાંતિ, સુખ અને માનવકલ્યાણ માટે પ્રાર્થના પણ કરી હતી.

શ્રી અમ્મા (પદ્માવતી) અને શ્રી ભગવાન (વિજયકુમાર) આધ્યાત્મિક ગુરુ તરીકે વિશ્વભરમાં જાણીતા છે. તેઓ ઓએન્ડઓ એકેડેમી અને વર્લ્ડ ઓફ ઓનેનેસ (Oneness)ના સ્થાપક તરીકે માનવ ચેતનામાં પરિવર્તન લાવવાના કાર્ય સાથે જોડાયેલા છે. તેમના ઉપદેશો દ્વારા માનવ જીવનમાં પ્રેમ, કરુણા અને દૈવી શક્તિ દ્વારા જાગૃતિ લાવવાનો સંદેશ આપવામાં આવે છે.

શ્રી અમ્માને ભક્તો પ્રેમાળ માતાની પ્રતિમા તરીકે માને છે, જ્યારે શ્રી ભગવાનને આધ્યાત્મિક જ્ઞાન અને દૈવી શક્તિના સ્ત્રોત તરીકે પૂજવામાં આવે છે. તેમના અનુયાયીઓ વિશ્વભરમાં તેમના જન્મદિનની ઉજવણી વિશેષ ધાર્મિક વિધિઓ સાથે કરે છે.

ધગડમાળ ગામે યોજાયેલા આ કાર્યક્રમમાં ભક્તોએ ભજન-કીર્તન, પ્રાર્થના અને આધ્યાત્મિક ચર્ચાઓ દ્વારા જન્મજયંતી ઉજવી હતી. મહાપ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભક્તોએ માનવજાતમાં એકતા, પ્રેમ અને 'એક ચેતના'ના સંદેશને જીવનમાં ઉતારવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

## કપરાડાના ભાઠેરીગામે ખરપડે પરિવારનુ સ્નેહ સંમેલન યોજાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** કપરાડાના ભાઠેરી ગામે અખિલ ભારતીય ખરપડે પરિવારના ૧૨માં કુળ સ્નેહ સંમેલનનું આયોજન આજે રવિવારના રોજ બાપુભાઈ રામજીભાઈ ખરપડેના નિવાસ્થાને સવારે ૯ થી શરૂ થયું હતું. જેમાં મોટી સંખ્યામાં ગુજરાત, મહારાષ્ટ્ર, દમણ, દાદરા નગર હવેલી, જેવા રાજ્યના પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. જ્યાં કુળ પરિવારના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતાં. સાથે ઉપસ્થિત રહેલા મહેમાનો દ્વારા કાર્યક્રમનું આયોજન કરવા બદલ આભાર વ્યક્ત કરાયો સાથે જ બાળકો ને ઉચ્ચ શિક્ષણ આપવા માટે હકાલ કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અખિલ ભારતીય ખરપડે પરિવારનો આજે રવિવારના રોજ ભાઠેરી ગામે ૧૨ મુ કુળ સંમેલન તેમજ સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ખરપડે પરિવારના દેવી દેવતાની વિધિવત પૂજન કર્યા બાદ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દાદરા નગર હવેલી મહારાષ્ટ્ર દમણ અને ગુજરાત થી ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજરી આપી હતી. બપોર બાદ સેંકડો લોકોએ સાથે મળીને પ્રીતિ ભોજન લીધું હતું. સફળ આયોજન કરવા બદલ મુકેશભાઈનો તમામ અગ્રણીઓએ આભાર વ્યક્ત કર્યો હતો.

# વિશેષ વાંચન

Tuesday 10, March 2026
દમણગંગા ટાઇમ્સ

## ભેટીને ભૂલવાનો અવસર એટલે ધૂળેટી..!




મને પણ ખબર છે ભૈઈલા, કે વિષય વાંચીને તમારા ભવાં ચઢવાના છે. અને બોલવાના છે કે, એના કપાળમાં કાંદા ફોડું, રામ નવમી ને હનુમાન મહોત્સવના તહેવાર આવવાના ટાંકણે આ ખજુરે હોળી-ધુળેટીની રામાયણ કાઢી ? વાત ખોટી નથી. લેખ છપાશે ત્યારે હોળી હવન જેવી બની ગઈ હશે. ક્યાં તો ટાઢી થઇ ગઈ હશે, ને ધૂળેટીનું પીલ્લું વળી ગયું હશે. સખા(ખી)ઓની 'રંગાઈ જાને રંગમાં' ની ગુંજ ગાયબ થઇ ગઈ હશે. પેટ છૂટી વાત કરું તો, આ વાત ઉપર લખવાનો ઉભરો તો મને વસંત પંચમીથી આવેલો. પણ એવું થોડું છે કે, માણસને જ ગ્રહણો નડે? તહેવારોને પણ નડે..! આકાશી ગ્રહણ તો પાળીએ, એટલે ટાઢું પડે, માણસના ગ્રહણ તો આકાશી ગ્રહણ કરતા પણ ખતરનાક..! એમાં જો વાઈફનું ગ્રહણ લાધ્યું તો ખલ્લાસ..! લીંબુ- મરચુંની પોટલી પણ આડી નહિ આવે. છમ-છમાછમ અવસર ટાણે, ચંદ્ર ગ્રહણનો વેધ ભરાય તે પહેલા, એકની એક પત્ની શૈલીએ એવી હોળી સળગાવી કે, પાદરની હોળીએ નાળીયેર ચઢાવવાની નોબત જ નહિ આવી. ઘરમાં જ હોમાય ગયો..! અંગત વાતની પબ્લીટીટી (સીટી) તો નહિ કરવી જોઈએ, પણ જે લોકો એમ કહે કે, 'ધાર્યું ધણીનું થાય છે' એ વાત ખોટી..! ક્યાંક ધાર્યું ધણીયાણીનું પણ થાય દાદૂ..! ત્યારે આકાશી ગ્રહણ કરતા સંસારના ગ્રહણની આડ અસર વધારે લાધે ..! જો કે, તમારે આવા Havi પ્રોબ્લેમ ના હોય એ હું સમજુ છું. પછી તો જેવી જેની વાઈફ..! બાકી ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળું વાસવા બેઠો છું, એ વાતમાં તથ્ય તો છે..! ચોખવટ પૂરી .. ! કહેવાય છે કે, સમય અને સ્મૃતિનાં મામલે, અમારું આખું ખાનદાન મૂળથી જ માર ખાતું આવેલું..! જનમવામાં પણ હું મોડો પડેલો. અને પૈણવાની તારીખને બદલે, બે દિવસ મોડો કન્યાને માંડવે પહોંચેલો, ત્યારે લગનના માંડવા પણ છૂટી ગયેલા, ને કન્યા પણ બીજે ગોઠવાઈ ગયેલી. મારે લીલા તોરણે ફ્રૂદ્દયશ્વઁ થવું પડેલું બોસ..! ફરીવાર પીઠી ચઢાવવી પડેલી તે બોનસ .! એમ આ લેખ લખવામાં પણ મોડો પડ્યો..! હોળી-ધૂળેટી પણ ચાલી ગઈ. બાકી આ હોળી -ધૂળેટી મને ગમે બહુ. ભણતા ત્યારથી આ બંને તહેવારોએ મારો પીછો મુક્યો નથી. ગુજરાતી-હિન્દીના પેપરમાં હોળી કે ધૂળેટીનો નિબંધ ના પુછાય તો, પ્રશ્પત્ર કાળ-પત્રિકા જેવું લાગતું. વગર લગનો અમે 'ફ્રિ' થઈ ગયા હોય એવા બેહાલ બની જતા.કારણ કે માર્ક્સ નું વધારેમાં વધારે ઉત્પાદન, અમને નિબંધમાંથી જ મળતું. શિક્ષકોને પણ આ નિબંધ વધારે ફાવતા. એ પણ માનતા કે માર્ક્સમાં બરકત લાવવી હોય તો, હોળી-ધુળેટીના જ નિબંધ પુછાય..! (રખે માનતા કે, બરકતી શબ્દનો પ્રયોગ પૈસા માટે જ થાય, અમારા વખતે 'માર્ક્સ' માટે પણ બરકતી શબ્દ વપરાતો ..!) અમારી પણ એ જ કમાણીને બોસ..! હોળી કે ધૂળેટીનો નિબંધ આવે એટલે પરીક્ષામાં બેઠા બેઠા ભાંગડા કરતા. રાજીના એવા 'રેડ' થતા કે, શમણામાં આવેલી પરી પરીક્ષામાં હાજરાહજૂર થઇ ગઈ હોય, એવી ગલીપચી થતી. ઉર્જાનો એવો ધોધ છુટતો કે, HK એટલે કે, (હિરણ્ય કશ્યપ) થી માંડી, મહોલ્લાના હસુકાકાના બાંકડા સળગાવ્યા સુધીની વાતથી સપ્લીમેન્ટરી ભરી દેતા.

સાલું એ પણ કેવું હંઅઅઅ..? મકર સક્રાંતિ આવે ત્યારે ધાબા દર્શન કરવાનું મન થાય, ને હોળી આવે તો પાદર દર્શન કરાવે. બંનેનું જોડકું પણ કેવું..? રોમિયો-જુલિયેટ જેવું. હોળી ધૂળેટી વગર અધુરી, ને ધૂળેટી હોળી વગર..! બંને એકબીજા વગર અધૂરા..! આ વખતે ધૂળેટી ૨૪ કલાક મોડી પડી એમાં તો, ભારત ઉપર મિસાઈલ પડી હોય એમ, હોહા કરી મૂકી. લયલાએ મજનું સાથે ૨૪ કલાકના છૂટાછેડા લીધા હોય, એવું ગમગીન વાતાવરણ થઇ ગયેલું. હોળી આસ્થા દર્શન કરાવવા આવે ને ધૂળેટી મસ્તી-દર્શન..! કારણ કે, મસ્તી એ મુશીબતનું મારણ છે. જીવતરનો ઘાટ ઘડવાની ધાર્મિક કરામત છે. માણસની તો ખાસિયત છે કે, એને જીવતર સાથે રોમાંચ જોઈએ જ..! એવું માને કે, જીવન પણ થોડુક ખરબચડું ને થોડુક રેશમી હોવું જોઈએ. નહિ તો જીવતર વઘાર વગરની કઢી જેવું લાગે..! એટલે તો હોળી પછી ધૂળેટીનો આનંદોત્સવ આવે. થોડી થોડી 'હોળી' હોતી હૈ, થોડી થોડી 'ધૂળેટી' હોતી હૈ, તો, જીવન હરાભરા કબાબ જેવું લાગે. જીના ઉસીકા નામ હૈ મામૂ..! ઉકરડા બાળવાથી હોળીનું -ાગટ્ય થતું નથી એમ, જાતે જાતે લોટના ડબ્બામાં માથું મારવાથી ધૂળેટીનો આનંદ મળતો નથી. સામે કોઈ જીગરજાન રંગનાર પણ જોઈએ. ધૂળેટી માત્ર રંગ છાંટવાનો તહેવાર નથી, રંગ જમાવવાનો વહેવાર પણ છે. પણ માણસ પૈસાઘેલો એવો થઇ ગયો કે, આજકાલ તો સાલી તહેવારોની મઝામાં પણ મંદી આવી ગઈ. હોળીનું 'લેટેસ્ટ' વર્ઝન આવ્યું હોય એમ, ઈરાન, ઈઝરાઈલ, દુબઈ અમેરિકા, બહેરીન, અબુધાબી, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને અમેરિકાએ તો જુદા જ પ્રકારની 'આકાશી' માં હોળી ખેલવા માંડી. એમાં પાદરની હોળી 'વોલ્ટેજ' વગરની ફિક્કી પડી ગઈ.

કાંઠે પહોંચેલા ઘણા વૃધ્ધો બળાપો તો કાઢે કે, ક્ક ક્યાં ગોકુળ વૃંદાવનની હોળી, ને ક્યાં આજની આડેધડ રંગોની ધૂળેટી ? અમારા જમાનામાં ધૂળેટી આવે એટલે, ગલી-ગલી રંગમંચ બની જતી. રંગાઈને એવા લઠ્ઠ થઇ જતા કે, ૧૨ છોકરા નવડાવીએ ત્યારે માંડ પોતાનું છોકરું મળતું, 'ઈસ રૂટકી સભી લાઈન વ્યસ્ત હૈ' જેવી ગલી બની જતી. ખડૂસો નિર્લેપ રહેતા ખરા, પણ એ બધા કાપડીયાની દુકાન બહાર શોભામાં ઉભેલા પ્લાસ્ટિકના પુતળા જેવા લાગતા. ધુળેટીમાં ધીંગામસ્તી નહિ કરે તો, અડધી કાંઠીએ ફરકતા ધ્વજ જેવાં લાગતા.સ વાતની એક વાત, જગતને જે કહેવું હોય તે કહે, પણ ભેટીને ભૂલવાનો અવસર એટલે ધૂળેટી.,,!

**લાસ્ટ બોલ**

ભારતના મહાન વૈજ્ઞાનિકનું નામ બોલ. આલિયા ભટ્ટ સર..!

શિક્ષકે જેવી ફૂટપટ્ટી કાઢી કે, ચંપુ આડો ફરી વળ્યો.

સર..! એને મારતા નહિ. એને બોલવામાં તકલીફ છે, એટલે 'આર્યભટ્ટ' ને બદલે, આપણને 'આલિયા ભટ્ટ' સંભળાય છે..!તારા કપાળમાં કાંદા ફોડું..!

### સંકટ સમયની સાચી સખી '૧૮૧ અભયમ' સેવાના ૧૨ વર્ષ પૂર્ણ

## ૧૮૧ હેલ્પલાઈન નંબર રાજ્યની લાખો મહિલાઓ માટે મજબૂત સુરક્ષા કવચ

**● ૧૨ વર્ષમાં કુલ ૧૮.૧૦ લાખથી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન આપી સશક્ત કરાઈ ● ગંભીર પરિસ્થિતિમાં મુકાયેલી ૧,૦૯,૮૮૬ મહિલાઓનું સફળતાપૂર્વક રેસ્ક્યુ ● ૨.૨૯ લાખ કિસ્સાઓમાં કાઉન્સિલિંગ દ્વારા વિવાદોનો સ્થળ પર જ સુખદ નિકાલ ●૧૮૧ મોબાઈલ એપના 'પેનિક બટન' અને 'ફોન શેકિંગ' જેવા ફીચર્સ મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ મહિલાઓને હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે**



નવસારી જિલ્લામાં છેલ્લા ૧૨ વર્ષનાં સમયગાળાની સફળ કામગીરી દરમ્યાન ૧૮૧ 'અભયમ' મહિલા હેલ્પલાઈન દ્વારા નવસારી જિલ્લામાં કુલ ૩૦૭૫૯ જેટલા કિસ્સાઓમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ- સુચન, માર્ગદર્શન અને બચાવની મદદ પુરી પાડેલ છે. અને ૧૮૧'અભયમ' એ અનેક માહિલાઓના જીવનમાં નવી આશા જગાડી છે. તેમજ તાકીદની પરીસ્થિતિમાં ઘટના સ્થળ ઉપર ૧૮૧ અભયમ રેસક્યુવાન સાથે કાઉન્સિલરસહિતની ટિમ જઇ ને ૭૮૫૭ જેટલી મહિલાઓને મદદ પુરી પાડેલ છે. નવસારી જીલ્લામાં વર્ષ ૨૦૨૫ દરમિયાન ૨૫૪૬ જેટલા જરૂરિયાતમંદ મહિલાઓના કોલ આવેલ જેમાંથી ૬૧૫ કિસ્સાઓમાં અભયમ રેસ્ક્યુ વાન ડિસ્પેચ કરવામાં આવેલ. આ કેસમાં સમાધાન ૪૯૮ અને ૧૦૩ કેસમાં મહિલાઓને બચાવ અર્થે વિવિધ એજન્સીઓમાં રિફર કરવામાં આવ્યા હતા. કુલ કોલમાં કસ્ટડીના ૪૩, ઘરેલુ હિંસાના ૧૨૧૫, લગ્ન જીવનના વિખવાદો ૧૯૭, જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી યોજનાઓની પ્રાથમિક માહિતીના ૫૬, શારીરિક, માનસીક, જાતીય હેરાનગતીના ૪૩૯, પરીવાર છોડેલ ૪૨, અન્ય સબંધોના ૬૮, કાયદાકીય માર્ગદર્શન ૩૨, બીનજરૂરી કોલ મેસેજથી હેરાનગતિનાં ૧૬ અને અન્ય મહિલાલક્ષી પ્રશ્નોના ૪૨૦ જેટલા કોલ આવ્યાં હતાં. વર્ષ દરમિયાન જીલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી સંરક્ષણ ગૃહ, ઓ.એસ.સી, પી.બી.એસ.સી, આશ્રય ગૃહ અને સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરો તરફથી નોંધપાત્ર સહયોગ મળી રહ્યો હતો આમ અભયમ ટીમ દ્વારા લગ્નજીવન અને લગ્ન બહારના સબંધો, ઘરેલું હિંસા, શારીરિક માનસિક અને જાતિય સતામણી અને બીનજરૂરી કોલ મેસેજથી હેરાન થતા મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓના જીવનમાં આવેલ આપતીમાં મદદ, માર્ગદર્શન અને બચાવ દ્વારા મહિલા સલામતી, શાંતિ અને પારીવારીક, સામાજિક એકતા અને સુલેહ માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું હતું. ગુજરાત એટલે શાંતિ, સલામતી અને સમૃદ્ધિનું પર્યાય. રાજ્યમાં વસતી પ્રત્યેક મહિલા પોતે સુરક્ષિત અનુભવે અને મુશ્કેલીના સમયે તેને કોઈ મજબૂત સાથ મળે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે. આ વર્ષે ૮મી માર્ચ, 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ના રોજ ગુજરાતની મહિલાઓની સુરક્ષાની કરોડરજ્જુ સમાન '૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન' પોતાની સફળ સેવાના ૧૨ વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે આવો જાણીએ તેની કામગીરી અને સિદ્ધીઓ વિશે.

મહિલાઓ વિરુદ્ધ થતી ઘરેલુ હિંસા હોય કે જાહેર સ્થળે થતી છેડતી, ગુજરાત સરકારે ટેકનોલોજી અને સંવેદનાનો સમન્વય સાધીને ૮ માર્ચ ૨૦૧૫ના રોજ '૧૮૧ અભયમનો રાજ્યવ્યાપી પ્રારંભ કર્યો હતો. આજે આ હેલ્પલાઈન માત્ર એક નંબર નથી, પણ લાખો મહિલાઓ માટે મજબૂત સુરક્ષા કવચ બની છે.

### - : ગુજરાત રાજ્યના આંકડા : -

છેલ્લા ૧૨ વર્ષમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ગુજરાતની મહિલાઓ માટે એક મજબૂત સુરક્ષા કવચ સાબિત થઈ છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૨ વર્ષમાં કુલ ૧૮,૧૦,૯૧૩ થી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન પૂરું પાડીને તેમને સશક્ત કરવામાં આવી છે. આ સેવા માત્ર ફોન પૂરતી સીમિત ન રહેતા, ૩,૬૦,૯૬૪ જેટલા કિસ્સાઓમાં અભયમની ટીમે ઘટના સ્થળ પર જઈને મહિલાઓને તાત્કાલિક મદદ પહોંચાડી છે. આ ઉપરાંત ૧૮૧ ટીમની કુશળતાને કારણે ૨,૨૯,૬૬૦ કિસ્સાઓમાં કાઉન્સિલિંગ દ્વારા વિવાદોનો સ્થળ પર જ સુખદ નિકાલ લાવવામાં આવ્યો છે. સૌથી પ્રશંસનીય બાબત એ છે કે, અત્યંત જોખમી પરિસ્થિતિમાં મુકાયેલી ૧,૦૯,૮૮૬ મહિલાઓનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેમને સુરક્ષિત આશ્રયસ્થાન સુધી પહોંચાડવામાં આવી છે.

ડિજિટલ યુગમાં મહિલાઓની સુરક્ષાને વધુ સ્માર્ટ બનાવતાઁ ૧૮૧ મોબાઈલ એપઁ માં આપવામાં આવેલા 'પેનિક બટન' અને 'ફોન શેકિંગ' જેવા ફીચર્સ મહિલાઓને મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ પોતાનું ચોક્કસ લોકેશન હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે. મહત્વની વાત એ છે કે, મદદ માંગનાર મહિલાની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે. ગુજરાતમાં રહેતી અન્ય રાજ્યની મહિલાઓ પણ આ સેવાનો નિઃશુલ્ક લાભ લઈ શકે છે. નારી સુરક્ષા એ જ અમારી પ્રાથમિકતાના લક્ષ્યાંક સાથે ગુજરાત સરકાર કામ કરી રહી છે. આજે ૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા રાજ્યની દીકરીઓ અને મહિલાઓ ખરા અર્થમાં 'અભય' બનીને પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

**● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ●**

## ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ઓસ્કર ૨૦૨૬નાંપ્રેઝેન્ટરનીયાદીમાંસામેલ




**પ્રિયંકા સાથે યાદીમાં રોબર્ટ ડાઉની જુનિયર, એન હેથવે, વિલ આર્નેટ, પોલ મેસ્કલ અને ગ્વિનેથ પેલ્ટ્રો પણ સામેલ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

પ્રિયંકા ચોપરા ખરા અર્થમાં ગ્લોબલ સ્ટાર બની ગઈ છે, આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રખ્યાત ઈવેન્ટ અને મંચ પર તેની હાજરી સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ હોય છે. હવે તેણે પોતાનાં ઈન્સ્ટાગ્રામ પર અપડેટ શેર કરીછે, એક તરફ એકેડેમી એવોર્ડ્સના ૧૫ માર્ચે તેના લાઈવ પ્રસારણ માટે તૈયારી શરૂ થઈ ગઈ છે. બીજી તરફ હવે પ્રિયંકાએ પોતાના ચાહકો સાથે ઈન્સ્ટાગ્રામ પર એક નવી અપડેટ શેર કરી, જેમાં તેણે સત્તાવાર પ્રેઝેન્ટર્સની યાદીનો એક સ્નેપશોટ પોસ્ટ કર્યો હતો. તેમાં ઓસ્કાર એવોર્ડ્ઝના પ્રઝેન્ટર્સની યાદીમાં તેનું નામ અનેક જાણીતા હોલીવૂડ વ્યક્તિત્વો સાથે જોવા મળે છે. પ્રિયંકા સાથે યાદીમાં રોબર્ટ ડાઉની જુનિયર, એન હેથવે, વિલ આર્નેટ, પોલ મેસ્કલ અને ગ્વિનેથ પેલ્ટ્રો પણ સામેલ છે.આ યાદીમાં તેનાં સમાવેશને આંતરરાષ્ટ્રીય મનોરંજન અને એવોર્ડ સર્કિટમાં તેની સતત હાજરી માટે વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે જોવામાં આવે છે.વૈશ્વિક સિનેમાની સૌથી મોટા સમારોહમાંથી એક ગણાતા ઓસ્કર્સમાં સામાન્ય રીતે વિશ્વભરના જાણીતા અભિનેતાઓ અને ફિલ્મમેકર્સ વિવિધ કેટેગરીમાં એવોર્ડ રજુ કરતા જોવા મળે છે.સમારોહમાં પ્રેઝેન્ટર તરીકે પ્રિયંકાની હાજરી તેનાં વધતા ગ્લોબલ પ્રોફાઇલને વધુ મજબૂત બનાવે છે. આ વર્ષો દરમિયાન તેણે હોલિવૂડ પ્રોજેક્ટ્સ અને આંતરરાષ્ટ્રીય ઈન્ડસ્ટ્રી ઈવેન્ટ્સમાં સતત હાજરી જાળવી રાખી છે અને મોટા વૈશ્વિક મંચો પર ભારતીય પ્રતિભાનું પ્રતિનિધિત્વ કર્યુ છે.થોડાં વખત પહેલાં જ તેની ફેન્ટસી ડ્રામા સિરીઝ ધ બ્લફ પ્રાઈમ વીડિયો પર રિલીઝ થઈ છે, જેમાં તેણે કાર્લ અર્બન સાથે અભિનય કર્યો છે. તેની સાહસિક કથાવસ્તુ તથા ભવ્યતા માટે ચર્ચામાં છે.પ્રિયંકા હાલ પોતાની આવનારી ભારતીય ફિલ્મ વારણસી શૂટિંગ પૂર્ણ કરવામાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં મહેશ બાબુ મુખ્ય ભૂમિકામાં છે અને તેનું ડિરેક્શન એસ. એસ. રાજામૌલી કરી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ પર વધુ ધ્યાન કેન્દ્રિત કર્યા બાદ આ ફિલ્મ સાથે પ્રિયંકા લગભગ સાત વર્ષ પછી ભારતીય સિનેમામાં વાપસી કરી રહી છે.આ ફિલ્મ સિવાય પ્રિયંકા પાસે સ્પાય થ્રિલર સીરિઝ સિટાડેલની બીજી સીઝન પણ પાઈપલાઈનમાં છે. અભિનય સિવાય તે પોતાનાં પ્રોડક્શન અને અન્ય ગ્લોબલ કોલબરેશન્સમાં પણ સક્રિય છે.ઓસ્કર સમારોહને હવે થોડા જ દિવસોની વાર છે, ત્યારે પ્રિયંકા ચોપરા જોનાસનું પ્રેઝેન્ટર તરીકેનું સ્થાન આ પ્રતિષ્ઠિત સમારોહમાં ભારતીય હાજરીને વધુ મજબૂત બનાવે છે અને ભારત તેમજ વિશ્વભરના ચાહકોનું ધ્યાન આકર્ષે છે. વૈશ્વિક સિનેમાની સૌથી મોટા સમારોહમાંથી એક ગણાતા ઓસ્કર્સમાં સામાન્ય રીતે વિશ્વભરના જાણીતા અભિનેતાઓ અને ફિલ્મમેકર્સ વિવિધ કેટેગરીમાં એવોર્ડ રજુ કરતા જોવા મળે છે.

## 'રામાયણ ૨' ફિલ્મનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર રિલીઝ થશે

**સન્ની દેઓલ પણ ૨૦ માર્ચથી ફિલ્મનાં શૂટમાં જોડાવાનો છે, જે આ ફિલ્મમાં હનુમાનજીનો રોલ કરે છે**




(સંપૂર્ણ સમાચાર સેવા)

રનબીર કપૂરે 'રામાયણ ૨' માટે શૂટિંગ શરૂ કરી દીધું છે, સેટ પરથી લાંબા વાળની વીગ સાથે તેના ફોટો પણ વાયરલ થયા હતા. સાથે જ રનબીર કપૂરના કલીન શેવ લૂકની પણ ચર્ચા થઈ હતી. રનબીરે હવે મુંબઈમાં 'રામાયણ ૨'નું શૂટિંગ શરૂ કરી દીધું છે. આવનારા થોડાં દિવસોમાં તે ફિલ્મનાં બીજા ભાગના મહત્વના સીનનું શૂટ કરશે.શરૂઆતમાં રનબીર કપૂર માર્ચમાં 'લવ એન્ડ વૉર'નું શૂટિંગ કરવાનો હતો. પરંતુ તાજેતરમાં ઉઠેલા ભણસાલીની તબિયત અંગેના અહેવાલો પછી તેનું શૂટ થોડું પાછળ ઠેલાયું હોવાના અહેવાલ છે, તેથી ફિલ્મ થોડી પાછી ઠેલાઈ છે. તેથી હવે એવા અહેવાલ છે કે મે ૨૦૨૬માં ફિલ્મનું શૂટ આગળ વધશે.હવે જ્યારે 'લવ એન્ડ વૉર'નું શૂટ પાછું ઠેલાતાં રનબીરે પોતાનું ધ્યાન 'રામાયણ ૨' પર આપવાનું નક્કી કર્યુ. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, "રનબીર માર્ચ અને મે વચ્ચે આ ફિલ્મનું મોટા ભાગનું શૂટિંગ પૂરું કરી નાખવા માગે છે. હેલ તેનો ક્લીન શેવ લૂક પણ રામાયણના શૂટ માટે જ છે. જેનાથી પહેલા ભાગની વાર્તા આગળ વધશે.''સન્ની દેઓલ પણ ૨૦ માર્ચથી ફિલ્મનાં શૂટમાં જોડાવાનો છે, જે આ ફિલ્મમાં હનુમાનજીનો રોલ કરે છે. શૂટિંગનાં આ તબક્કામાં રનબીર અને સની વચ્ચે પણ મહત્વના સીનનું શૂટ પૂરું કરવામાં આવશે. આ શૂટ ઘણું મહત્વનું રહેશે, જે રામાયણના મોટા સ્કેલને પણ આકાર આપશે. નિતેશ તિવારીની આ ફિલ્મમાં રનબીર કપૂર અને સાઈ પલ્લવી રામ અને સીતાના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ નિર્ણિત મલ્હોત્રા દ્વરા પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ફિલ્મનો પહેલો ભાગ ૨૦૨૬ની દિવાળી પર રિલીઝ થશે.



## સલમાન ખાને દિલ રાજુ અને વામશી પૈડીપલ્લી સાથે એક્શન થ્રિલર સાઈન કરી

**એક્શન થ્રિલર ફિલ્મનું શુટિંગ પુરૂ કર્યા બાદ સલમાન, રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડિ.કે સાથે સુપરમેન પ્રોજેક્ટ પર કામ શરૂ કરી શકે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

સલમાન ખાને દિલ રાજુ અને ઊપિરિ અને મહર્ષિ જેવી ફિલમોના નેશનલ એવોર્ડ વિજેતા ડિરેક્ટર વામશી પૈડીપલ્લી સાથે એક એક્શન થ્રિલર ફિલ્મ સાઈન કરી છે. આ અંગેના અહેવાલો અનુસાર આ એક મોટા બજેટની ફિલ્મ છે. જોકે, આ ફિલ્મનું નામ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. પરંતુ એપ્રિલથી તેનું શૂટિંગ શરૂ થઈ રહ્યું છે. આ ફિલ્મમાં સલમાન ખાન ક્યારેય જોવા નથી મળ્યો એવા અવતારમાં જોવા મળશે. સુત્રોના જણાવ્યા મુજબ, આ પ્રોજેક્ટને ભવ્ય કક્ષાનો તૈયાર કરવામાં આવી રહ્યો છે અને તેમાં હિન્દી તેમજ સાઉથ ઈન્ડિયન ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક મોટા કલાકારોનો સમાવેશ થશે. નિર્માતાઓ હાલ ફિલ્મની લીડ એક્ટ્રેસ માટે એક છ-લિસ્ટ અભિનેત્રી સાથે ચર્ચા કરી રહ્યા છે, પરંતુ ફાઈનલ કાસ્ટિંગ હજુ જાહેર કરવામાં આવ્યું નથી. "સલમાનને સ્ક્રિપ્ટ અને તેમાં રહેલી કમર્શિયલ બાબતો ખુબ ગમી છે. આ એક હાઈ-ઓક્ટેન એક્શન થ્રિલર છે જેમાં મજબુત ભાવનાત્મક બાબતો પણ છે. વામશી પૈડીપલ્લીસલમાન ખાનને સંપૂર્ણ નવા અવતારમાં, અલગ લુક સાથે રજૂ કરવાની યોજના બનાવી રહ્યા છે, જે બાબતે સલમાન પણ ઘણો ઉત્સાહીત છે.''આ ફિલ્મ સલમાનની આગામી ફિલ્મ બેટલ ઓફ ગલવાન પછીની તેની આગામી ફિલ્મ હશે. એવા પણ અહેવાલો છે કે સલમાન ખાન તેના અન્ય પૂર્વઆયોજિત કામ પુરા કરીને પછી આ પ્રોજેક્ટ પર કામ શરૂ કરશે. દિલ રાજુ જે પ્રકારના ભવ્ય પ્રોડક્શન માટે જાણીતા છે અને વામશી પૈડીપલ્લીની કમર્શિયલ સ્ટોરીટેલિંગ માટેની પસંદગી સાથે આ કોલબરેશન ઈન્ડસ્ટ્રીને આશ્ચર્યચકિત કરી શકે છે. "આ ફિલ્મને મોટા પાયે થિયેટ્રિકલ સ્પેક્ટેકલ તરીકે ડિઝાઈન કરવામાં આવી છે અને તેમાં મજબુત પૅન ઈન્ડિયા અપીલ હશે. શૂટિંગ એપ્રિલમાં શરૂ થવાનું છે અને નિર્માતાઓ ૨૦૨૭માં મોટા પડદા પર ફિલ્મ રિલીઝ કરવાનું લક્ષ્ય રાખી રહ્યા છે.'' રસપ્રદ વાત એ છે કે, આ એક્શન થ્રિલર પુરી કર્યા બાદ સલમાન ખઆન રાજ નિદિમોરુ અને ક્રિશ્ના ડિ.કે સાથે સુપરમેન પ્રોજેક્ટ પર કામ શરૂ કરી શકે છે, જે એક કોમિક એક્શન સુપરહીરો ફિલ્મ હોવાનું કહેવાય છે.

## શાહરુખ અને સુહાનાએ દશેરાના સીન માટે આઠ રાત સુધી એક્શન સિક્વન્સ શૂટ કરી




(સંપૂર્ણ સમાચાર સેવા)

જ્યારથી શાહરુખ ખાનની ફિલ્મ કિંગની જાહેરાત થઈ ત્યારથી આ ફિલ્મ હિન્દી સિનેમાના સૌથી વધુ ચર્ચામાં રહેલા આવનારા પ્રોજેક્ટ્સમાંનો એક રહ્યો છે. આ ફિલ્મના બે ટીઝર પણ લોકપ્રિય થયાં છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મ માટે શાહરુખ અને તેની પુત્રી સુહાના ખાને વિજયા દશમીની ઉજવણી સાથેના એક ભવ્ય સીનની એક્શન સિક્વન્સ માટે આઠ રાત સુધી શૂટ કર્યુ છે.આ અંગેના અહેવાલો અનુસાર, આ સિક્વન્સને પરંપરાગત દશેરાની યાત્રા અને સરઘસનો માહોલ ઉભો કરીને શૂટ કરવામાં આવી છે. તેના માટે ખાસ સેટ પણ ડિઝાઈન કરવામાં આવ્યો હતો. આ અહેવાલો માટે એક સુત્રએ જણાવ્યું, "ટીમે ઢોલ, રંગો અને વિસર્જનના દિવસે જોવા મળતી ઉત્સાહભરી ભીડ સાથે દશેરાના સરઘસની ભવ્યતા અને ઊર્જાને ફરીથી સર્જી હતી.

''આ અંગેના અહેવાલો મુજબ આ સીનમાં વિશાળ ભીડનો સેટઅપ બનાવવામાં આવ્યો હતો, જેમાં સેંકડો બેકગ્રાઉન્ડ આર્ટિસ્ટ્સની પણ મદદ લેવામાં આવી હતી. પિતા-પુત્રીની આ જોડી એ આ ભવ્ય એક્શન સિક્વન્સનું શૂટિંગ આઠ રાત સુધી કર્યુ હતું. સુત્રએ વધુમાં ખુલાસો કર્યો કે સુહાનાએ આ સિક્વન્સ માટે અનેક સ્ટન્ટ્સ પણ કર્યા, જે ફિલ્મમાં તેનાં રોલના સૌથી પડકારજનક ભાગોમાંના એક ગણાય છે.કિંગ પ્રોજેક્ટ શરૂઆતથી જ ચર્ચામાં રહ્યો છે. ખાસ તો જાન્યુઆરી ૨૦૨૪માં આ ફિલ્મ અંગે શરૂ થઈ હતી. શરૂઆતમાં આ ફિલ્મ સુજોય ઘોષ ડિરેક્ટ કરવાના હતા પરંતુ બાદમાં આ પ્રોજેક્ટમાં ફેરફાર થયા અને ૨૦૨૩ની શાહરુખની બ્લોકબસ્ટર ફિલ્મ પઠાણમાં કામ કરી ચૂકેલા સિદ્ધાર્થ આનંદને આ ફિલ્મના ડિરેક્ટર તરીકે જવાબદારી સોંપવામાં આવી.

ફિલ્મમાં વિશાળ કાસ્ટ છે જેમાં રાની મુખર્જી, દીપિકા પાદુકોણ, અભિષેક બચ્ચન, સુહાના ખાન અને અર્શદ વારસી પણ મહત્વના રોલમાં છે. સુહાનાની આ પહેલી થિએટ્રિકલ રિલીઝ છે. આ પહેલાં તેણે ઓટીટી રિલીઝ ધ આર્ચિઝમાં કામ કર્યું હતું. આ ફિલ્મ ક્રિસમસ ૨૦૨૬ દરમિયાન રિલીઝ થશે.

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો: જરફિરોઝ, બેચરરોડ, કેરીમાર્કેટની સામે, વલસાડ ફોન-ફેક્સ: (૦૨૬૩૨) ૨૪૪૩૧૦


# વલસાડની આંબાવાડીઓમાં કમોસમી વરસાદ અને ધુમ્મસને કારણે ૮૦ ટકા મોર બળીને ખાખ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** દક્ષિણ ગુજરાતનું ગૌરવ અને જેની હાફુસ-કેસરની સુવાસ દેશ-વિદેશમાં ફેલાયેલી છે, તેવા વલસાડ જિલ્લાના ખેડૂતો આજે આસું સારી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં જે રીતે સતત પલટો આવી રહ્યો છે, તેણે આંબાવાડીઓના માલિકોની કમર તોડી નાખી છે. કમોસમી વરસાદ અને ધુમ્મસભર્યા વાતાવરણને કારણે આંબા પર આવેલો મોર બળીને ખાખ થઈ ગયો છે. ખેડૂતોનું માનવું છે કે



આ વર્ષે માત્ર ૨૦થી ૩૦ ટકા જ ઉત્પાદન માંડ બચ્યું છે. વલસાડ જિલ્લો અત્યારે કુદરતી આફતનો સામનો કરી રહ્યો છે. જે આંબાવાડીઓ દર વર્ષે કેરીના વજનથી લચી પડતી હતી. ત્યાં આજે નરી આંખે નિરાશા દેખાઈ રહી છે. છેલ્લા એક મહિનામાં વાતાવરણમાં આવેલા અચાનક બદલાવ અને અતિશય ધુમ્મસને કારણે આંબા પર આવેલો કિંમતી "મોર" એટલે કે ફૂલ સંપૂર્ણપણે બળી ગયા છે.ખેડૂતોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં અંદાજે ૭૦ થી ૮૦ ટકા પાકને નુકસાન થઈ ચૂક્યું છે. હવે આંબા પર માત્ર ૨૦ થી ૩૦ ટકા જેટલી જ કેરીઓ બચી છે. આ સ્થિતિ ખેડૂતો માટે મોટો આર્થિક ફટકો સાબિત થઈ રહી છે, કારણ કે દવાના છંટકાવ અને મજૂરીનો ખર્ચ પણ નીકળવો મુશ્કેલ બન્યો છે.ઉત્પાદન ઘટવાને કારણે આ વર્ષે કેરીની સિઝન મોડી તો શરૂ થશે જ, સાથે સાથે બજારમાં આવક પણ ખૂબ ઓછી રહેશે. જ્યારે પુરવઠો ઓછો હોય અને માંગ વધારે હોય, ત્યારે સ્વાભાવિક રીતે જ ભાવમાં તોતિંગ વધારો જોવા મળી શકે છે. એટલે કે, આ વર્ષે સામાન્ય જનતા માટે ફળોનો રાજા ગણાતી કેરીનો સ્વાદ "ખાટો" એટલે કે મોંઘો સાબિત થશે.આમ, ગ્લોબલ વૉર્મિંગ અને બદલાતી ઋતુચક્રની સીધી અસર હવે આપણા ખેતરો પર દેખાઈ રહી છે. વલસાડનો ખેડૂત અત્યારે સરકાર સામે મદદની મીટ માંડીને બેઠો છે. જો યોગ્ય વળતર કે સહાય નહીં મળે, તો આ વર્ષે ખેતી ક્ષેત્ર માટે ઘણું કપરું સાબિત થશે.

# વલસાડ એમ.એસ.પી. સંઘ દ્વારા ૫૧ મહિલાનું સન્માન કરાયું







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે શ્રી એમ.એસ.પી. સંઘ વલસાડ શાખા દ્વારા મહિલા સન્માન કાર્યક્રમ માં સમાજની ૫૧ મહિલાઓને મોમેન્ટો અને સન્માન અલંકારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિતે શ્રી એમ.એસ.પી. સંઘ વલસાડ શાખા દ્વારા મહિલા સન્માન કાર્યક્રમનું સંઘના શિક્ષણ ભવન ના ભગવાનદાસ માર્કર સભાખંડમાં ચંદ્રિકાબેન વ્હાણવાલાના પ્રમુખ સ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે ડૉ. યોગીનીબેન રોલેકર, ડૉ. અમિષાબેન કોન્ટ્રાકટર અને સોનલબેન સોલંકી (જૈન) પ્રદેશ મંત્રી ભા.જ.પા. હાજર રહ્યા હતા. આ પ્રસંગે સમાજની વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત ૫૧ બેહનોને મેમેન્ટો તેમજ સન્માન અલંકાર વડે સન્માનિત કરાયા હતાં. જેમાં ૨૦-ડોક્ટર્સ, ૨- કલાસ-૧ અધિકારી ઉપરાંત શિક્ષિકાઓ, આચર્યા તેમજ કોર્પોરેટ ક્ષેત્રે કાર્યરત મહિલાઓ, યોગ શિક્ષિકા તેમજ ફેશન ડિઝાઈનર જેવી અનેકવિધ કારકિર્દીઓ ધરાવનાર મહિલાઓ અને બાળાઓનો સમાવેશ થાય છે. આ પ્રસંગે ઉપરોક્ત ૫૧ મહિલાઓના કાર્યક્ષેત્રો અને એમની સિદ્ધિઓનું ટૂંકું વર્ણન કરતી એક નાની પુસ્તિકાનું પણ વિમોચન કરાયું હતું. શ્રી એમ.એસ.પી. સંઘના ભીષ્મપિતા સ્વ.ભગવાનદાસ માર્કરની ૧૦૦મી જન્મ જયંતી પ્રસંગે પુષ્પ અર્પણ કરી એમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંઘના મહિલા સભ્યો પ્રા. ડૉ.તરૂલતા માહ્યાવંશી, અમિષા મેહવાલા, ધારા શોભા તેમજ કિંજલ વણકર દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું.

આ પ્રસંગે સંઘના કેન્દ્રીય કાર્યાલયના ઉપપ્રમુખ જયશ્રીબેન તવડિયાની વિશેષ ઉપસ્થિતિ રહી. એમણે પ્રસંગોચિત ઉદબોધન દ્વારા સન્માનિત મહિલાઓ અને શાખા ના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતાં. આ પ્રસંગે સમાજના દાતાઓ એ ઉદારતા હાથે દાન આપ્યું. હતું ડૉ. સોનલબેન પ્રતાપસિંહ વ્હાણવાલા તરફથી ૨૫,૦૦૦નું દાન મળ્યું.

આ પ્રસંગે સમાજ ના અગ્રણી, સંઘના આજીવન સભ્ય તેમજ દાતા મણિલાલ ધનોરિયા, ડૉ. મેહુલ ધનોરિયા, ડૉ. સ્મૃતિ ધનોરિયા એ એમના પરિવાર સાથે મુંબઈ થી વિશેષ હાજર રહી સન્માન સ્વીકાર્યું હતું.

સમગ્ર કાર્યક્રમ નું આયોજન સંસ્થાના પ્રમુખ ધીરજ હળદર તથા ઉપપ્રમુખ પ્રા. ડૉ.મેહુલભાઈ તિથલીયા દ્વારા કરાયું. હતું જયારે કાર્યક્રમની સફળતા માટે કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી આભાર વિધિ વિનોદભાઈ પટેલે કરી હતી.

# વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ ટુર્ના.માં કોમર્સ કોલેજની ટીમ ચેમ્પિયન





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૦૯ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે ગુજરાત ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશનના નેજા હેઠળ વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન દ્વારા ઓપન ગુજરાત ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું શાહ એન એચ કોમર્સ કોલેજ ગ્રાઉન્ડ વલસાડમાં આયોજન કરવાં આવ્યું હતું.

વલસાડ તાલુકા ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, શ્રી સાઈ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ અને વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન પ્રમુખ કેયુરભાઇ પટેલ,સેક્રેટરી જનરલ નિલેશ કોસીયા, સામાજિક કાર્યકર વિનોદભાઇ પટેલ, સી.બી.આઈ વલસાડના સી.એમ. મકવાણા, બકુલભાઈ જોષી ઉપસરપંચ ભાગદાવડા ગ્રામ પંચાયત, સામાજિક કાર્યકર ભરતભાઈ બલસારા દ્વારા દીપ પ્રગટાવી શ્રીફળ વધેરી અને રીબીન કાપી ટૂર્નામેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

વલસાડ ટેનિસ બોલ ક્રિકેટ એસોસિયેશન દ્વારા અંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી નિમિતે આયોજિત ઓપન ગુજરાત મહિલા ટેનિસ બોલ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં કુલ ૮ ટીમોએ ભાગ લીધો જેમાં શાહ એન.એચ. કોમર્સ કોલેજ ટીમ ચેમ્પિયન બની કળશ ઈલેવન રનર અપ બની હતી,મહિલા પતંજલિ યોગ સમિતિના રાજ્ય પ્રભારી તનુજાબેન આર્ય. વી.ટી.બી.સી.એ.ના પ્રમુખ કેયુરભાઇ પટેલ, વિનોદભાઈ પટેલ અને ભરતભાઈ બલસારા, એન.ટી.બી.સી.એ.ના સેક્રેટરી પાર્થિવ પટેલ,તેમજ આમંત્રિત મહેમાનોના હસ્તે વિજેતા ટીમ અને પાર્ટીસીપેન્ટ ટીમને ટ્રોફી, મેડલ, પ્રમાણપત્ર આપવામાં આવ્યા જ્યારે જયમ ગ્રુપ દ્વારા વિજેતા અને ઉપવિજેતા ટીમોને ટીશર્ટ આપી સન્માનિત કર્યા હતા તેમજ સોનલબેન પટેલ દ્વારા વિજેતા અને ઉપવિજેતા ટીમના કોચ અને ટીમ મેનેજરને ટીશર્ટ આપી સન્માનિત કર્યા હતાં. સોનલબેન પટેલ કમિટી મેમ્બર, રાજકુમાર મોરેકર કળશ એકેડમી, નીશીત કોસીયા તથા તેમની ટીમ દ્વારા ટુર્નામેન્ટને સફળ કરવા પરિશ્રમ કર્યો હતો.

# વલસાડ પાલિકા હાઉસ ટેકસ વિભાગે ૨૩૯ મિલકતદારોને નોટિસ ફટકારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડ નગરપાલિકાના હાઉસ ટેક્સ વિભાગ દ્વારા શહેરના ૨૩૯ મિલકતદારોને પાછલી બાકી વેરા સંદર્ભે સીલ કરવા નોટિસ ફટક ફટકારતા મિલકતદારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે જોકે અંદાજે એક કરોડ જેટલો બાકી વેરો ઉઘરાવવા માટે મિલકતને સીલ કરવા ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. માર્ચ મહિનો શરૂ થતા ની સાથે જ વલસાડ નગરપાલિકા દ્વારા પાછલા બાકી વેરો ઉઘરાવવાની તજવીજ હાથ કરવામાં આવી છે. છેલ્લા નગરપાલિકા હાઉસ ટેક્સ વિભાગ દ્વારા બાકી ટેક્સ સંદર્ભે અવારનવાર પાલિકા દ્વારા મિલકતદારને નોટિસ આપવામાં આવતી હોય છે તેમ છતાં બાકી મિલકતદારો પોતાનો ટેક્સ ભરતા નથી. જેથી વલસાડત નગરપાલિકા હાઉસ ટેક્સ વિભાગના સુપ્રિન્ટન રમણભાઈ રાઠોડની સુચના અને માર્ગદર્શન હેઠળ વિભાગના કર્મચારીઓ ઘરે ઘરે જઈ બાકી મિલકતદારોનો સર્વે કરી દુકાનો ફલેટો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. તે ઘર પાલિકા દ્વારા ૨૩૯ જેટલા મિલકતદારોને પાછલી આશરે એક કરોડથી વધુની રકમનું બાકી વેરાદારોને મિલકત જપ્તી કરવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. થોડા દિવસ અગાઉ વલસા નગરપાલિકા દ્વારા મોગરાવાડી વિસ્તારમાં ૧૭થી વધુ બાકીદારો અને પાંચ જેટલા ફ્લેટોને સીલ કરવામાં આવ્યા છે. જેઓએ કયા વર્ષની પાછલી રકમ ડ્યુ થઈ હોય તે રકમ ઉપર ૧૮ ટકા વ્યાજ ઉમેરી વસુલાત કરવામાં આવશે. પાલિકા દ્વારા ઘરે ઘરે જય કાર્યોહી કરવા આવી રહી હોવા તેમ છતાં બાકીદારો પોતાની પોતાનો વેરો કરવા આવતા નથી. જેથી નગરપાલિકા દ્વારાના છૂટકે મિલકતને સીલ મારવાની ફરજ પડતી હોય છે.

**શ્રી વિશ્વકર્મા મહિલા મંડળ દ્વારા 'વિશ્વ મહિલા દિવસ'ની ઉજવણી**

# વલસાડમાં ફેશન શો અને મિસ મેચિંગ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૦૯ :** શ્રી વિશ્વકર્મા મહિલા મંડળ દ્વારા વિશ્વ મહિલા દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત પ્રભુ સ્મરણ અને પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ અવસરે મહિલાઓની પ્રતિભાને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સ્પર્ધાઓનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

ઉજવણીના મુખ્ય આકર્ષણમાં ફેશન શો અને મિસ મેચિંગ સ્પર્ધા રહ્યા હતા. મિસ મેચિંગ સ્પર્ધામાં મંડળના આશરે ૨૫ થી ૩૦ સભ્યોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

નિર્ણાયક અને અતિથિ વિશેષ સમગ્ર કાર્યક્રમમાં મુખ્ય નિર્ણાયક તરીકે ડૉ. રશ્મિબેન દેસાઈ અને ટ્વિંકલ પાંડે ઉપસ્થિત રહ્યા હતા.ડૉ. રશ્મિબેન તેઓ ૪૦ વર્ષ સુધી અધ્યાપક, ઈન્ચાર્જ પ્રિન્સિપાલ અને વાઈસ પ્રિન્સિપાલ તરીકે સેવા આપી નિવૃત્ત થયા છે.

ફેશન શો અને વિવિધ સ્પર્ધાઓના અંતે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. પ્રથમ નંબર મીનાબેન ગિરિશભાઈ મિસ્ત્રીદ્વિતીય નંબર નીલાબેન સુરેશભાઈ ચાંપાનેરિયા તૃતીય નંબર ચેતનાબેન બિપિનભાઈ ચાંપાનેરિયા કાર્યક્રમના અંતે નિર્ણાયકોના હસ્તે તમામ વિજેતાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.શ્રી વિશ્વકર્મા મહિલા મંડળ દ્વારા સુંદર અને યાદગાર રીતે વુમન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

# વલસાડ શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળનો ૭મો સ્નેહમિલન સમારોહ સંપન્ન

**સત્યનારાયણ ભગવાનની પૂજા, એમ્બ્યુલન્સનું લોકાર્પણ તથા વિશ્વ મહિલા દિવસની ઉજવણી એમ ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૦૯ :** શ્રી માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ, વલસાડ સંસ્થા સમાજ ઉત્થાનની સેવાકીય પ્રવૃત્તિના યશસ્વી ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨ માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી ચુકી છે. એ અવસરે પ્રતિવર્ષની જેમ આપણી ઓફિસ ૨૦૪, તાપી, સરદાર હાઈટ, તિથલ રોડ, વલસાડમાં સત્યનારાયણ ભગવાનની પૂજા, એમ્બ્યુલન્સનું લોકાર્પણ તથા વિશ્વ મહિલા દિવસની ઉજવણી એમ ત્રિવિધ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

સત્યનારાયણ ભગવાનની પૂજા હિનાબેન તેમજ રજનીકાંતભાઈ મેહવાલાના યજમાન પદે, ગોર મહારાજ નિકુંજભાઈ પાઠકની ઉપસ્થિતિમાં કરવામાં આવી હતી.

સંસ્થાનાં પ્રમુખ અનુપભાઈ મેહવાલાએ સૌને આવકાર્યા બાદ, સંસ્થા એની અવિરત સેવાના ૩૨ માં વર્ષમાં મંગલાચરણ કરી રહી છે એ નિમિતે સંસ્થાના કાર્યકર ભાઈઓ, બહેનો, બાળકો તેમજ વડીલોને અભિનંદન પાઠવ્યા હતા તેમજ કાર્યકરોના હસ્તે ઉપસ્થિત સલાહકાર મિત્રોનું પુષ્પગુચ્છથી અભિવાદન કરવામાં આવ્યું.

સમાજ સેવામાં જેમનું વિશેષ પ્રદાન રહ્યું છે. ગીતાબેન અને ઉત્તમભાઈ મેહવાલા પરિવારના પનોતા પુત્રો કેયુરભાઈ અને કિંતુભાઈ મેહવાલા અને જાનવીબેન તેમજ બિંદિયાબેનના હસ્તે સમગ્ર માનવ સમાજ માટે માહ્યાવંશી વિદ્યાર્થી પ્રગતિ મંડળ વલસાડના માધ્યમથી એમ્બ્યુલન્સ લોકાર્પણ કરી હતી. આ મંગળ અવસરે સંસ્થા પરિવારે મેહવાલા પરિવારની માનવ સેવાની આ ઉમદા પ્રવૃત્તિને બિરદાવી અભિનંદન આપ્યા હતાં.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ હોવાથી સંસ્થાની તમામ પ્રવૃત્તિઓમાં બહેનોના યોગદાનની સરાહના કરી, તેઓના હસ્તે કેક કાપી, હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંસ્થાના કાર્યકરોએ પોતાના વિચારો રજુ કર્યા હતા અને સંસ્થાને પ્રગતિના પંથે લઈ જવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સંસ્થાના વડીલો, ભરતભાઈ પટેલ (શંકરતળાવ), હસમુખભાઈ માહ્યાવંશી, ચંદ્રલેખાબેન લીલાકર, આશાબેન ધારાસણીયા, ગીજેન્દ્રભાઈ પીઠાવાલા, ભરતભાઈ પટેલ, જયદિપભાઈ પટેલ, હિતેશભાઈ રાઠોડ, તથા પરિવારના સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

કાર્યક્રમનું આયોજન બિપીનભાઈ સુરતી, સંચાલન હર્ષદભાઈ આર્ય તેમજ આભારવિધિ અનીલભાઈ ભવાનીએ કરી હતી.

**રોટરી ક્લબ ઓફ વલસાડના સહયોગથી મહિલા દિવસ નિમિત્તે**

# વલસાડ કસ્તુરબા હોસ્પિ.માં સર્વિકલ કેન્સર રસીકરણ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે કસ્તુરબા હોસ્પિટલ વલસાડ માં રોટરી ક્લબ ઓફ વલસાડના સહયોગથી મહિલાઓમાં આરોગ્ય જાગૃતિ વધારવા તેમજ કેન્સર નિવારણ અંગે માહિતી પહોંચાડવાના હેતુથી વિશેષ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત મહિલાઓ માટે નિઃશુલ્ક મેમોગ્રાફી સ્ક્રીનિંગ, સર્વિકલ કેન્સર -તિરોધક રસીકરણ ( હ્રભ્સ ર્ીણૂણૂૈર્દઃ) તેમજ આરોગ્ય તપાસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.આ કાર્યક્રમ કસ્તુરબા હોસ્પિટલના નિષ્ણાત તબીબી સલાહકારોની ટીમના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.



કાર્યક્રમ માં નિષ્ણાત ડૉ. નીલમ અહિરવાર - કન્સલ્ટન્ટ ઓન્કો સર્જન, ડૉ. અંકિતા પટેલ - કન્સલ્ટન્ટ મેડિકલ ઓન્કોલોજિસ્ટ, ડૉ. હેની જરીવાલા - કન્સલ્ટન્ટ સ્ત્રીરોગ તથા પ્રસૂતિ નિષ્ણાંત, ડૉ. રૂચિ શાહ - કન્સલ્ટન્ટ સ્ત્રીરોગ તથા પ્રસૂતિ નિષ્ણાત, ડૉ. મિત્તલ પટેલ - કન્સલ્ટન્ટ રેડિયોલોજિસ્ડૉ પટેલ - કન્સલ્ટન્ટ પેથોલોજિસ્ટ એ સેવા આપી મહિલાઓ તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. કેમ્પ દરમિયાન કુલ૧૫૦ મહિલાઓને સર્વિકલ કેન્સર પ્રતિરોધક રસી આપવામાં આવી હતી. ૭૫થી વધુ મહિલાઓનું મેમોગ્રાફી સ્ક્રીનિંગ કરવામાં આવ્યું જેમાં ૧૩ મહિલાઓનું આરોગ્ય ચેક-અપ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન વિવિધ નિષ્ણાત તબીબો દ્વારા મહિલાઓને સ્વાસ્થ્ય જાગૃતિ, યોગ્ય આરોગ્ય સંભાળ તેમજ સ્તન કેન્સર અને સર્વિકલ કેન્સરના વહેલા નિદાન અને નિવારણ અંગે હેલ્થ એજ્યુકેશન તથા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી ક્લબ ઓફ વલસાડના પ્રમુખ જપનભાઈ શાહ, અમરભાઈ પારેખ તથા સ્વાતિ શાહ ઉપસ્થિત રહી કાર્યક્રમને પ્રોત્સાહન આપ્યું હતું. ઉપરાંત સામાજિક કાર્યકર્તા હેતલ દેસાઈ તથા સંસ્થાના ટ્રસ્ટી સભ્ય શ્રેણિકભાઈ શાહ પણ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમનું આયોજન મહિલાઓને પરિવારની મજબૂત આધારશિલા તરીકે સન્માન આપવા તેમજ સ્તન કેન્સર અને સર્વિકલ કેન્સરના વહેલા નિદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનું સુગમ સંચાલન સંસ્થાના માનવ સંસાધન વિભાગના પ્રમુખ હેતલ પારેખ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોગરાવાડી-અબ્રામા રોડના કામમાં કોન્ટ્રાકટરની લાપરવાહીથી લોકો હાલાકી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડના મોગરાવાડી અબ્રામા વિસ્તારને જોડતો મુખ્ય માર્ગનું નવીકરણ સરકાર દ્વારા ૧૦ કરોડ રૂપિયા મંજૂર કરવા તેમ છતાં તંત્રની ઉદાસીનતા અને કોન્ટ્રાક્ટરની વાપરવાનીના કારણે છેલ્લા પાંચ મહિનાથી વિસ્તારના રહીશો. વાહન ચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. વલસાડ શહેરના અત્યંત વ્યસ્ત ગણાતા મોગરાવાડીથી અબ્રામા વિસ્તારને જોડતા મુખ્ય માર્ગના નવીનીકરણ માટે સરકાર દ્વારા ૧૦ કરોડ જેટલી માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. જોકે, તંત્રની ઉદાસીનતા અને કોન્ટ્રાક્ટરની લાપરવાહીને કારણે છેલ્લા પાંચ મહિનાથી આ કામ અત્યંત મંદગતિએ ચાલી રહ્યું છે, જેના પરિણામે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.ધૂળની ડમરીઓ રસ્તો ખોદી નાખ્યા બાદ ડામરનું કામ ન થતા ઉડતી ધૂળને કારણે રાહદારીઓ અને વાહનચાલકોનું જીવવું દુષ્કર બન્યું છે. શ્વાસના રોગો અને આંખોમાં બળતરાની ફરિયાદો વધી રહી છે. અધૂરા કામને કારણે રસ્તો સાંકડો બન્યો છે, જેના લીધે પીક અવર્સમાં વાહનોની લાંબી કતારો જોવા મળે છે. વેપારીઓને આર્થિક નુકસાન રોડ સાઈડ પર આવેલા દુકાનદારોના ધંધા-રોજગાર ધૂળ અને અડચણને કારણે ઠપ થઈ ગયા છે. ઉબડખાબડ રસ્તા અને યોગ્ય સાઈનબોર્ડના અભાવે રાત્રિના સમયે અકસ્માતની ભીતિ સેવાઈ રહી છે. 'પાંચ મહિનાથી અમે નરક જેવી સ્થિતિમાં જીવી રહ્યા છીએ. જો ૧૦ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું હોય, તો કામ આટલું ધીમું કેમ? શું તંત્ર કોઈ મોટા અકસ્માતની રાહ જોઈ રહ્યું છે. એક સ્થાનિક રહીશ. કરોડોના ખર્ચે બનતા આ રસ્તાની કામગીરી પર દેખરેખ રાખવામાં પાલિકા વિભાગ કેમ નિષ્ફળ રહ્યું છે? કોન્ટ્રાક્ટરને કડક સૂચના આપી કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે. જો આગામી દિવસોમાં કામ ઝડપી નહીં બને, તો સ્થાનિકો દ્વારા આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# વલસાડ લાયન્સ ક્લબ દ્વારા રીજીયન કોન્ફરન્સ 'શ્રી ઉત્સવ' યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૦૯ :** લાયન્સ ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ F2ના રીજીયન-૫ ના ચેરપર્સન લાયન સુધા પરમાર દ્વારા તેમના કાર્યકાળ દરમ્યાન થયેલા સેવાકાર્યોને બિરદાવતા પદાધિકારીઓને સન્માનવા એક ભવ્ય રીજીયન કોન્ફરન્સ શ્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સ વલસાડના તીથલ બીચ નજીક આવેલ સરજુ પેલેસ ખાતે આગામી ૧૫મી માર્ચ, રવિવારના રોજ ઢળતી સાંજે યોજાશે. આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન મોનાબેન દેસાઈના વરદ હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ટીમની ગરિમામય ઉપસ્થિતિમાં વિવિધ ક્લબના પદાધિકારીઓનું એવોર્ડ આપી સન્માન કરવામાં આવશે અને તેમને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવશે. રીજીયન ચેરપર્સન લાયન સુધા પરમારના માર્ગદર્શન હેઠળ આ કોન્ફરન્સને સફળ બનાવવા માટે ત્રણેય ઝોન ચેરપર્સન લાયન મુહમ્મદ ભાઈ નલવાલા લાયન રાજેશભાઈ જયસ્વાલ લાયન રાજેશભાઈ પરમાર તેમજ કોન્ફરન્સ કમિટી ચેરપર્સન લાયન મહેશભાઈ શાહ તથા તમામ કમિટી મેમ્બર્સ જહેમત ઉઠાવી રહ્યા છે. આ કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ્ય લાયન સભ્યોની ગરિમા જાળવી, વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં વેગ લાવવાનો અને આગામી સમયમાં પણ લાયન્સ ક્લબ અનેકવિધ માનવસેવા કાર્યો માટે કટિબદ્ધ રહે તેવો છે.

# ખેરગામની વેણ ફળિયા ક્રિકેટ ટુર્ના.માં નિકુંજ ઈલેવન ચેમ્પિયન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**વલસાડ, તા. ૦૯ :** ખેરગામના વેણ ફળિયા ક્રિકેટ ગ્રાઉન્ડ માં વેણ ફળિયા ક્રિકેટ પ્રીમિયર લીગ - ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વેણ ફળિયાના નવયુવક રણજીતભાઈ પટેલ દ્વારા આ ટુર્નામેન્ટનું સતત નવમી વખત આયોજન કરવામાં આવ્યું હતું. ગામમાં એકતા અને ભાઈચારાને મજબૂત બનાવવાના શુભ આશયથી આ ક્રિકેટ ટુર્નામેન્ટ દર વર્ષે યોજાય છે. ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન ગામના આગેવાનો ગુલાબભાઈ પટેલ, આશિષભાઈ પટેલ, ડૉ. પંકજભાઈ પટેલ, નિકુંજભાઈ પટેલ અને જયેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેરગામ તાલુકાના યુવા સામાજિક કાર્યકર આશિષ પટેલે કાર્યક્રમને અનુમોદન આપ્યું હતું.

ટુર્નામેન્ટમાં કુલ ૬ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ફાઈનલ મુકાબલો બજરંગ ઈલેવન (કેપ્ટન મિતુલ પટેલ) અને નિકુંજ ઈલેવન (કેપ્ટન નિકુંજ પટેલ) વચ્ચે રમાયો હતો, જેમાં નિકુંજ ઈલેવન વિજેતા બની અને બજરંગ ઈલેવન રનર્સ અપ રહી હતી. કાર્યક્રમ દરમિયાન ગામના આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા તેમજ અંતે પ્રીતિભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Tuesday 10, March 2026

## રોજબરોજ રોકડનું વધતું ચલણ

રોજબરોજના વ્યવહારોમાં રોકડનું પ્રમાણ ખાસ્સું ઊંચું છે, સત્તાવાર આંકડા મુજબ ગત જાન્યુઆરી મહિનામાં વિક્રમી ૪૦ લાખ કરોડની કરન્સી સર્ક્યુલેશનમાં હતી, જે ગયાં વર્ષે આ સમયગાળાની સરખામણીમાં ૧૧.૧ ટકા જેટલો વધારો સૂચવે છે. ડિજિટલ પેમેન્ટની દિશામાં આગળ વધવાની સરકારી પહેલ છતાં દેશના નાગરિકો હજી પણ મોટાં પ્રમાણમાં રોકડમાં વ્યવહાર કરે છે. છેલ્લા એક દાયકામાં કરન્સી હોલ્ડિંગ્સમાં સ્થિર વધારો થયો હોવાનું જોવા મળે છે. ભારતમાં હજી પણ લોકોને હાર્ડ કેશમાં વિશ્વાસ છે અને એનાં કારણો પણ વ્યાપક છે. જો કે, આ સાથે જ ડિજિટલ પેમેન્ટમાં પણ સાતત્યપૂર્વક વધારો થતો હોવાનું જોવા મળી રહ્યું છે અને છતાં રોકડ પરનો મદાર, વિશ્વાસ અને ઢોળાવ ચોંકાવનારો છે. ૨૦૨૫માં આ સમયગાળામાં જ કરન્સી ઈન સર્ક્યુલેશનમાં ૫.૩ ટકા જેવો વધારો થયો હતો. આથી આ વખતે તેમાં બમણા જેટલો ઉછાળો આવ્યો છે. માસિક યુપીઆઇ વ્યવહારો રૂા. ૨૮.૩ લાખ કરોડની આસપાસ પહોંચ્યા હોવાનું એસબીઆઈએ હાથ ધરેલા સંશોધનમાં સામે આવ્યું છે, જે અર્થતંત્રમાં કુલ કેશ સ્ટોકના ૭૦ ટકા જેટલું છે. આમ છતાં, રોકડ પ્રત્યે ભારતીયોનું વળગણ ઓછું થતું નથી. જુલાઈ ૨૦૨૫માં એકલા કર્ણાટકમાં ૧૮,૦૦૦ જેટલી જીએસટી ડિમાન્ડ નોટિસો જારી કરવામાં આવી હતી. અનેક નાના વેપારીઓ આનાં કારણે યુપીઆઇ કે ડિજિટલ પેમેન્ટથી કેશ તરફ વળ્યા હતા. કર્ણાટકની જેમ પશ્ચિમ બંગાળ, કેરળ, બિહાર અને છત્તીસગઢ જેવાં રાજ્યોમાં પણ ડિજિટલ પેમેન્ટ તરફ ઉદાસીનતા વધતી હોવાનું આંકડા કહે છે. આ રાજ્યોમાં એટીએમ દ્વારા નાણાં કઢાવવાનું પ્રમાણ કર્ણાટકમાં ૨૦૨૫ના જુલાઈ મહિનાઓમાં મોકલવામાં આવેલી જીએસટી નોટિસો પછી વધ્યું હોવાની ચોંકાવનારી માહિતી એસબીઆઈએ હાથ ધરેલાં સંશોધનમાં સામે આવી હતી. જીએસટીનાં વર્તુળમાં આવવાથી બચવા ફરી રોકડમાં વ્યવહાર કરનારાઓની સંખ્યામાં વધારો થયો છે, તો બેન્ક થાપણો પર વ્યાજદર ઘટી રહ્યા હોવાથી ગ્રામીણ વિસ્તારોમાં લોકો રોકડ પોતાની પાસે રાખવાનું વધુ પસંદ કરતા હોવાનું વલણ જોવા મળી રહ્યું છે. એક શક્યતા એવી પણ છે કે, સોનાં-ચાંદીના આસમાને પહોંચેલા દરોને કારણે લોકોએ આ મોંઘી ધાતુઓ વેચી રોકડી કરી લીધી હોય અને આથી તેમની પાસે રોકડ વધી હોઈ શકે. રૂપિયા બે હજારની ચલણી નોટ પાછી ખેંચાવાને કારણે મધ્યમ મૂલ્યની ચલણી નોટનું પ્રમાણ ચલણમાં વધ્યું છે. એ જ રીતે ૨૦ રૂપિયાથી ઓછાં મૂલ્યની નોટોનું મહત્ત્વ ચલણમાં ઓછું થયું છે. અર્થશાત્રીઓ કહે છે કે, આ ટ્રેન્ડ ચિંતાજનક નથી, કેમ કે, એકંદર લોકો વધુ રોકડ ધરાવે છે, પણ કેશ-ટુ-જીડીપી ગુણોત્તરમાં ઘટાડો થઈ રહ્યો છે અને જે રીતે યુપીઆઇ વ્યવહારોમાં વૃદ્ધિ થઈ રહી છે. આમ લોકો પાસે રોકડ વધુ હોવા છતાં ચલણમાં તેનું પ્રમાણ બહુ વધ્યું નથી, એવી દલીલ નિષ્ણાતો કરી રહ્યા છે.

# ભારતીયોની સુરક્ષા માટે અમે કટિબદ્ધ છીએ : જયશંકર

**વિદેશ મંત્રી જયશંકરે આ યુદ્ધમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે, અમે ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ**



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૯ :** બજેટ સત્રનો બીજો તબક્કો આજથી શરૂ થયો હતો. ઈરાનમાં ચાલી રહેલા યુદ્ધ અંગે વિદેશ મંત્રી એસ. જયશંકર બંને ગૃહોમાં નિવેદન આપ્યું હતું. પ્રથમ દિવસની કાર્યવાહી માટે સત્તાધારી રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (NDA)ની આગેવાની કરી રહેલી ભારતીય જનતા પાર્ટી (BJP) અને વિપક્ષી ઈન્ડિયા બ્લોકની નેતા કોંગ્રેસ, બંને પક્ષોએ પોતાના સાંસદોને થ્રી-લાઈન વ્હિપ જાહેર કરી લોકસભામાં હાજર રહેવા જણાવ્યું છે.

વિદેશ મંત્રી એસ. જયશંકર ઈરાન યુદ્ધ પર રાજ્યસભામાં નિવેદન આપ્યું હતું. જયશંકરે ગૃહમાં માહિતી આપી હતી કે, "ભારત આ વિસ્તારમાં સાર્વભૌમત્વ(Sovereignty)નું સમર્થક છે અને અમારું માનવું છે કે કોઈપણ સમસ્યાનો ઉકેલ વાતચીત દ્વારા શોધવો જોઈએ". તેમણે કહ્યું કે, ગલ્ફ રિજનમાં એક કરોડ ભારતીયો રહે છે અને તેમની સુરક્ષા અંગે CCSની બેઠકમાં પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

વિદેશ મંત્રીએ આ યુદ્ધમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં કહ્યું કે, અમે ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ અને અમે સતત તેમના સંપર્કમાં છીએ. તેમણે વધુમાં જણાવ્યું કે અમે જાન્યુઆરીમાં જ અમારા નાગરિકોને ચેતવણી આપી હતી કે તેઓ જેટલી વહેલી તકે સ્વદેશ પરત ફરે. ઈઝરાયલ અને આસપાસના વિસ્તારોમાં રહેલા ભારતીયો માટે અમારા દૂતાવાસે એડવાઈઝરી પણ જાહેર કરી હતી. વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતો પ્રત્યે પણ સતર્ક છે, કારણ કે આ સંઘર્ષને કારણે સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે. સરકાર ઊર્જા ક્ષેત્રની સ્થિતિ પર સતત નજર રાખી રહી છે. ભારતીય ગ્રાહકોની જરૂરિયાતો અમારી પ્રાથમિકતા છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ઊર્જાના ભાવમાં થતા ફેરફાર પર અમે ચાંપતી નજર રાખી રહ્યા છીએ.

વડાપ્રધાન મોદીએ છઈ, કતાર, કુવૈત, સાઉદી અરેબિયા, જોર્ડન, ઓમાન અને ઈઝરાયલના વડાપ્રધાનો સાથે વાતચીત કરી છે. હું પણ સતત આ દેશોના વિદેશ મંત્રીઓના સંપર્કમાં છું. અમે અમારા રાજદ્વારી માર્ગો દ્વારા પણ ચર્ચા કરી રહ્યા છીએ. આ ઉપરાંત ઈરાનના વિદેશ મંત્રી અરાગચી સાથે પણ વાત કરવામાં આવી છે. અમે સતત સ્થિતિનું નિરીક્ષણ કરી રહ્યા છીએ.

તેહરાન, UAE, દુબઈ અને બહેરીનમાં સ્થિત અમારા રાજદ્વારીઓ ભારતીય લોકોને સુરક્ષિત બહાર કાઢવા માટે તમામ પ્રયાસો કરી રહ્યા છે. ભારતીયોને પરત લાવવા માટે અમે ઘણી કોમર્શિયલ ફ્લાઈટ્સનું સંચાલન કર્યું છે. અત્યાર સુધીમાં ૬૭ હજાર ભારતીયો પરત ફરી ચૂક્યા છે. ખાડી દેશોમાં ફસાયેલા અન્ય તમામ ભારતીયોને પાછા લાવવા માટે પૂરજોશમાં કામગીરી ચાલી રહી છે.

## ઈઝરાયેલે લેબનાન પર સફેદ ફોસ્ફરસથી હુમલો કર્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**લેબનન, તા.૯ :** દક્ષિણી લેબનાનના યોહમોર ગામની શાંત હવામાં જ્યારે આકાશમાંથી આગના ગોળા વરસ્યા તો ન ખાલી બોમ્બ હતા, પણ તે સફેદ મોતનું તાંડવ હતું. ઈઝરાયેલ પર આરોપ છે કે તેણે હિઝબુલ્લાહના ઠેકાણાને ટાર્ગેટ બનાવવાના બહાને આંતરરાષ્ટ્રીય કાયદાને કોરાણે રાખી વ્હાઈટ ફોસ્ફરસનો ઉપયોગ કર્યો છે. માનવાધિકાર સંગઠન હ્યુમન રાઈટ્સ વોચના હાલના રિપોર્ટ અને જિયોલોકેટેડ તસવીરોએ આ વિવાદિત હથિયારના ઉપયોગની પુષ્ટિ કરી દુનિયાને હચમચાવી નાખી છે.

શું છે આ સફેદ મોત? સફેદ ફોસ્ફોરસ કોઈ સાધારણ વિસ્ફોટક નથી, પણ એક ખૂબ જ ઘાતક રાસાયણિક પદાર્થ છે. મોમ જેવા દેખાતા આ રસાયણ જેવું હવાના સંપર્કમાં આવે છે કે ઓક્સિજન સાથે આપોઆપ સળગવા લાગે છે. તેની ભયાનકતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે તે ૮૧૫ ડિગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન ઊભું કરી શકે છે.

માણસનું શરીર ૫૦-૬૦ ડિગ્રીની ગરમી વેઠી શકે છે. તેના માટે ૮૧૫ ડિગ્રીનું તાપમાન સાક્ષાત યમરાજ સમાન છે. જ્યારે આ રસાયણ ત્વચા પર પડે છે તો માંસને ઓગાળી સીધા હાડકાં સુધી પહોંચી જાય છે. તેના ઘા ક્યારેય ઠીક નથી થતાં અને તેમાંથી નીકળતો ધુમાડો ફેફસાંને એ રીતે ખતમ કરી નાખે છે, માણસ તડફડિયા મારીને મરે છે.

HRWના રિસર્ચર રામજી કેસના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલી સેનાએ દક્ષિણી લેબનાનના યોહમોર જેવા રહેણાંક વિસ્તારમાં આર્ટિલરી દ્વારા ફોસ્ફોરસ છોડ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે આ હુમલો ત્યારે થયો, જ્યારે ઈઝરાયેલે પહેલા જ લોકોને વિસ્તાર ખાલી કરવાની ચેતવણી આપી હતી. જો કે જમીની હકીકત એ છે કે આ હુમલાના સમયે ત્યાં કેટલા નાગરિકો હતા, તેને લઈને કોઈ ચોક્કસ આંકડો સ્પષ્ટ થયો નથી.

ઈઝરાયેલી સેના હંમેશા એ તર્ક આપે છે કે આ સફેદ ફોસ્ફોરસનો ઉપયોગ ખાલી સ્મોક સ્ક્રીન માટે રહે છે, જેથી દુશ્મનની નજરથી બચી શકાય. પણ આંતરરાષ્ટ્રીય કાયદા અંતર્ગત નાગરિક વસ્તીની વચ્ચે તેનો ઉપયોગ અંધાધૂંધ નુકસાનની કેટેગરીમાં આવે છે, જે એક યુદ્ધ અપરાધ સમાન છે.

**મજબૂત ડોલર સામે સોનું સસ્તું થયું**

## યુદ્ધની વૈશ્વિક બજાર પર ભીષણ અસર: ક્રૂડ ઓઈલ $116 ને પાર

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૯ :** મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને યુદ્ધની સીધી અસર હવે વૈશ્વિક બજાર પર જોવા મળી રહી છે. ખાસ કરીને કાચા તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે, જ્યારે મજબૂત ડોલરના કારણે સોનાના ભાવમાં ઘટાડો નોંધાયો છે. મિડલ ઈસ્ટમાં જંગ બીજા અઠવાડિયામાં પ્રવેશતા જ કાચા તેલની કિંમતો આસમાને પહોંચી છે. તાજેતરના ડેટા મુજબ, WTI Crude Futures માં ૨૮.૨૭% નો જંગી ઉછાળો જોવા મળ્યો છે. હાલમાં તે પ્રતિ બેરલ ઈં૧૧૬.૬૦ પર ટ્રેડ થઈ રહ્યું છે, જે તેના ૫ર અઠવાડિયાની સર્વોચ્ચ સપાટી ઈં૧૧૯.૪૩ ની અત્યંત નજીક છે. હોર્મુઝની સામુદ્રધુની, જ્યાંથી વિશ્વનો ૨૦% તેલ પુરવઠો પસાર થાય છે, ત્યાં અવરોધ ઊભો થવાની આશંકાએ ભાવમાં આ તેજી જોવા મળી છે. એકતરફ તેલ મોંઘું થઈ રહ્યું છે, તો બીજી તરફ અમેરિકન ડોલર મજબૂત થવાને કારણે સોનાના ભાવમાં ઘટાડો થયો છે. સિંગાપોર માર્કેટમાં સ્પોટ ગોલ્ડ ૦.૯% ઘટીને ઈં૫,૧૨૪.૪૮ પ્રતિ ઔંસ પર આવી ગયું છે. ચાંદીના ભાવમાં પણ ૧.૬% નો ઘટાડો નોંધાયો છે અને તે ઈં૮૩.૨૨ પર ટ્રેડ થઈ રહી છે. ડોલર ઈન્ડેક્સમાં ૦.૪% નો વધારો થતા રોકાણકારો સોનાને બદલે રોકડ રાખવાનું વધુ પસંદ કરી રહ્યા છે. કાચા તેલના વધતા ભાવે અમેરિકી સેન્ટ્રલ બેંકની ચિંતા વધારી દીધી છે. તેલ મોંઘું થવાથી મોંઘવારી વધશે, જેના કારણે ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઘટાડો કરવાને બદલે તેને યથાવત રાખે અથવા વધારો કરે તેવી શક્યતા છે. સામાન્ય રીતે વધતા વ્યાજદર સોના જેવી કિંમતી ધાતુઓ માટે નકારાત્મક માનવામાં આવે છે. મિડલ ઈસ્ટમાં જંગ અત્યારે ૧૦ માં દિવસમાં છે. ઈરાને તેના નવા સુપ્રીમ લીડરની નિમણૂક કરી છે અને હુમલા ચાલુ રાખ્યા છે, જ્યારે ઈઝરાયલે તેહરાનમાં ઈંધણ ડેપો પર હુમલો કરી ઈરાનના પાવર ગ્રીડને નિશાન બનાવવાની ધમકી આપી છે.

**બજરંગદાસ બાપાના મંદિરનો**

## સલવાવમાં ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૯ :** વાપીના સલવાવ ખાતે આવેલ શ્રી બાપા સીતારામ મંદિર નો ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને લોક ડાયરા યોજાયો. જેમાં મોટી સંખ્યામાં વાપી તથા તેની આજુબાજુના વિસ્તારમાં રહેતા બાપા સીતારામના ભક્તો ઉપસ્થિત રહ્યા હતાં.

વાપી નજીકના સલવાવ ખાતે આવેલ શ્રી બાપા સીતારામ સનાતન સેવા ટ્રસ્ટ દ્વારા સંચાલિત બાપા સીતારામ આશ્રમ ખાતે નવા બની રહેલા મંદિરમાં સંત શિરોમણી શ્રી બજરંગદાસ બાપા શ્રી રામ પરિવાર તેમજ શિવ પરિવારની પ્રતિમાનું ત્રણ દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તારીખ ૫-૩-૨૦૨૬ના રોજ કળશ યાત્રા વાપી જીઆઈડીસીથી નીકળી બલિઠા સલવાવ આશ્રમ ખાતે પહોંચી હતી. ત્યારબાદ તારીખ ૬,૭ અને ૮ ના રોજ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને હવન તેમજ ભજન સંધ્યા સાથે રોજ રાત્રે લોક ડાયરાનું પણ આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ તેમજ સંત શ્રી શિરોમણી શ્રી બજરંગદાસ બાપાના ભક્તો કે જેવો વાપી તેમજ તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં રહેતા લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમ દરમિયાન રાત્રે યોજાયેલા લોક ડાયરામાં મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને મંદિરના લાભાર્થે કરોડો રૂપિયા અનુદાનની જાહેરાત પણ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી બાપા સીતારામ સનાતન સેવા ટ્રસ્ટ સલવાવ વાપી દ્વારા કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન ટ્રસ્ટના સભ્યો દ્વારા ભારે જેમ જ ઉઠાવી આ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું કાર્યને સફળ બનાવ્યું હતું.

**ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધ પર ટ્રમ્પનું નિવેદન**

## જંગ ખતમ કરવાનો નિર્ણય નેતન્યાહુ સાથે ચર્ચા-વિચારણા કરી લેવાશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**વોશિંગ્ટન, તા.૯ :** ઈરાનની સાથે જંગ ક્યારે ખતમ થશે? છેલ્લા ૧૦ દિવસથી મિડલ ઈસ્ટમાં વિધ્વંસ જોવા મળી રહ્યો છે. આ વિસ્તારમાં સંકટ ત્યારે શરૂ થયું જ્યારે અમેરિકા અને ઈઝરાયલે મળીને ઈરાન પર હુમલો કર્યો, જેમાં સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈનું મોત થઈ ગયું હતું. રવિવારે ધ ટાઈમ્સ ઓફ ઈઝરાયલ સાથે વાત કરતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યુ કે તેહરાનની સાથે જંગ ખતમ કરવાનો નિર્ણય નેતન્યાહુ સાથે ચર્ચા-વિચારણા કરી આપસી સહમતિથી લેવામાં આવશે.

નાના ટેલીફોનિક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે તે પણ કહ્યુ કે જો તે અને નેતન્યાહુ દખલ ન આપી હોત તો ઈરાને ઈઝરાયલને ખતમ કરી દીધું હોત. તેમણે કહ્યું- ઈરાન ઈઝરાયલ અને તેની આસપાસની દરેક વસ્તુ ખતમ કરવાનું હતું.. અમે સાથે મળી કામ કર્યું છે. અમે એક એવા દેશને ખતમ કરી દીધો છે, જે ઈઝરાયલને ખતમ કરવા ઈચ્છતો હતો. ઈરાન સામે જંગ ખતમ કરવાને લઈને ટ્રમ્પે કહ્યુ- મને લાગે છે કે આ આપસી છે.... થોડું.. અમે વાત કરી રહ્યાં છીએ. હું યોગ્ય સમય પર નિર્ણય લઈશ, પરંતુ દરેક વસ્તુનું ધ્યાન રાખવામાં આવશે. તેમનો આ ઈશારો કહે છે કે નેતન્યાહુનું ઈનપુટ તો હશે, પરંતુ અંતિમ નિર્ણય અમેરિકી રાષ્ટ્રપતિ લેશે.

## યુદ્ધને કારણે ગુજરાતના બંદરો પર મંદી, હજારો શ્રમિકોની આજીવિકા ઠપ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**કંડલા, તા.૯ :** મિડલ ઈસ્ટમાં યુદ્ધની અસર ગુજરાતના બંદરો ઉપર દેખાવા લાગી છે. ગુજરાતના બે મહાબંદર કંડલા અને મુન્દ્રમાં બે હજારથી વધુ કન્ટેનરો અટવાયેલાં પડ્યાં છે. રાજ્યના પાંચ મુખ્ય સહિત કુલ ૪૯ બંદરો ઉપર કાર્યરત હજારો શ્રમિકો હોળી પછી પાછા ફર્યા નથી. તો, અંદાજે એક લાખથી વધુ શ્રમિકો હાલમાં બંદરો ઉપર કામગીરી લગભગ ઠપ હોવાથી રોજીરોટીના અભાવે પરત ફરે તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે. યુદ્ધથી સર્જાયેલી મંદીની અસર હજારો શ્રમિકોની રોજીરોટી ઉપર પણ પડી રહી છે. ઈઝરાયલ, અમેરિકા-ઈરાન વચ્ચે યુદ્ધની સ્થિતિના કારણે ભારતમાં પણ આયાત નિકાસને અસર પહોંચી છે. કચ્છના બે મહાબંદર કંડલા-મુન્દ્ર બંદરે ૨૦૦૦થી વધુ કન્ટેનરો અને અનેક જહાજો અટવાયેલાં પડ્યાં છે. યુદ્ધના કારણે વહાણોની અવરજવર પર પ્રતિબંધ મુકાતા અને શિપિંગ કંપનીઓ દ્વારા પણ ઈન્સ્યોરન્સની રકમ વધારી દેવાતા આ સ્થિતિ જન્મી છે. નિકાસના કન્ટેનરોમાં ચોખાના શિપમેન્ટ, એલપીજી, બલ્ક કાર્ગો જેવા કે સલ્ફર અને જીપ્સમની હેરફેર અટકી છે. આ બંને મહત્ત્વના પોર્ટ પર આયાત નિકાસ વધુ થાય છે. પોર્ટના ટર્મિનલો પર હજારો કન્ટેનરો અટવાતા શિપિંગ વ્યવસાયકારો ચિંતિત બન્યા છે. મિડલ ઈસ્ટના દેશોના નિકાસ માટેના કન્ટેનરો વહાણોમાં મુકી શકાતા નથી. જહાજ રવાનગીમાં મોકુફી, ઓપરેશનમાં વિલંબ અને ગેટ એક્ટિવિટીમાં સસ્પેન્સના કારણે લોજિસ્ટિક સેવાઓ ખોરવાઈ છે. ભારતમાંથી અનાજ, કેમિકલ અને એન્જિનિયરિંગનો સામાન ઉપરાંત તાજા ફળો, શાકભાજી મિડલ ઈસ્ટ અને યુરોપના દેશોમાં નિકાસ થાય છે.

## ધરમપુર-નાસિક માર્ગ પર દૂધ ભરેલો ટેમ્પો પલટ્યો : ચાલકનો બચાવ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**ધરમપુર, તા.૦૯ :** ધરમપુર-નાસિક માર્ગ પર દશેરા ટેકરી તળાવ નજીક દૂધ ભરેલો ટેમ્પો પલટી મારતા અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ દૂધ સપ્લાય માટે જઈ રહેલા ટેમ્પાના ચાલકે સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવતા વાહન અનિયંત્રિત બની રસ્તા કિનારે પલટી મારી બેઠું હતું.

અકસ્માતમાં ટેમ્પોને ભારે નુકસાન થયું હતું બનાવની જાણ થતાં આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવી ચાલકને મદદરૂપ બન્યા હતાં. સદભાગ્યે આ અકસ્માતમાં ટેમ્પા ચાલકનો અદભુત બચાવ થયા અંગેની માહિતી પ્રાપ્ત થવા પામી હતી.

## બે બહેનપણીઓના આપઘાતના કિસ્સાની એલન મસ્કે નોંધ લીધી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૯ :** સુરતના ડીંડોલીમાં નાનપણની બે બહેનપણીઓના સ્વામીનારાયણ મંદિરના બાથરૂમમાં જઈને આપઘાત કર્યાનો મુદ્દો હવે ચર્ચામાં આવી રહ્યો છે. સુરતની આ ગંભીર ઘટનાની ટેસ્લાના સીઈઓ એલન મસ્કે નોંધ લીધી છે. એલન મસ્કે x પ્લેટફોર્મ પર પર આ ઘટના અંગે Yikes શબ્દનો ઉલ્લેખ કર્યો, જેનો મતલબ આશ્ચર્ય, ડર, ચોંકાવનારી ઘટના થાય છે.

સુરતમાં ડીંડોલીમાં બે બહેનપણીઓએ કરેલા સામુહિક આપઘાતને લઈ મોટા સમાચાર સામે આવ્યા છે. X પર એલન મસ્કે સુરતની ઘટનાના મેસેજને રિટ્વીટ કરી આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. બંને બહેનપણીએ Chat GPTના ઉપયોગથી આપઘાત અંગે માહિતી મેળવી આપઘાત કર્યો. X પર એક યુઝર દ્વારા સુરતની બે યુવતીએ ChatGPT ની મદદથી કરેલ આપઘાતની માહિતી શેર કરવામાં આવી હતી. જેના બાદ વિશ્વના સૌથી મોટા ઉદ્યોગકાર અને X ના માલિક એલન મસ્કે આ ઘટનાને ગંભીર ગણાવતી ટ્વિટ કરી છે.

ઉલ્લેખનીય છે કે, સુરતની ૧૮ વર્ષીય અને ૨૦ વર્ષીય બહેનપણીઓએ સ્વામિનારાયણના બાથરૂમમાં એનેથેસિયા ઈન્જેક્શન લઈ આપઘાત કર્યો કર્યો હતો. રોશની શિરશાઠ અને જોસના ચૌધરી બંને બેનપણીએ સામુહિક આપઘાત કર્યો હતો. આપઘાત પહેલા તેઓએ ChatGPT પર ‘How To Commit Suicide’ લખીને સર્ચ કર્યું હતું, અને આપઘાતની માહિતી મેળવી હતી. આમ, બંને બહેનપણીની આ ઘટનાએ વૈશ્વિક સ્તરે પણ ભારે ચર્ચા જગાવી છે.

## પરમાણુ યુદ્ધ થાય તો માત્ર ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જ બચશે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૯ :** મધ્ય પૂર્વમાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવથી વ્યાપક વૈશ્વિક સંઘર્ષની ભય સર્જાયો છે. નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે પરમાણુ શસ્ત્ર ધરાવતા રાષ્ટ્રો વચ્ચે તણાવ વધતા તેના વિનાશકારી પરિણામો આવી શકે. અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાનને સંડોવતા તાજેતરના મિસાઈલ હુમલાએ વૈશ્વિક ચિંતા વધારી છે. એક નવા વૈજ્ઞાનિક અભ્યાસમાં પરમાણુ શસ્ત્રોનો વ્યાપક ઉપયોગ થાય તો માનવીય અસ્તિત્વ વિશે ચિંતાજનક સવાલો ઉપસ્થિત કરાયા છે. નિષ્ણાંતોના મતે પરમાણુ યુદ્ધથી અબજો લોકોના મોત થઈ શકે અને તેના વિનાશમાંથી વિશ્વના માત્ર બે જ દેશો, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ બચી શકે. જો કે તેમણે પણ અનેક પડકારોનો સામનો કરવો પડે. નેચર સામયિકમાં અગ્રણીઓએ કરેલા અવલોકન અનુસાર મોટા પાયે પરમાણુ યુદ્ધથી વિશ્વભરમાં લગભગ પાંચ અબજ જેટલા લોકોના મોત થઈ શકે. પરમાણુ શસ્ત્રોમાંથી થતા સ્ફોટથી લગભગ ૧૦ કરોડ ડીગ્રી સેલ્સિયસના તાપમાન સુધી પહોંચતા અગનગોળા સર્જાઈ શકે. વિજ્ઞાનીઓએ ચેતવણી આપી છે કે શહેરો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નાશ સાથે વાતાવરણમાં પ્રવેશતા વિશાળ પ્રમાણમાં ધૂમાડા અને રાખથી પરમાણુ શિયાળો સર્જી શકે, જેનાથી સમગ્ર પૃથ્વી વર્ષોના અંધકાર અને અભૂતપૂર્વ નીચા વૈશ્વિક તાપમાનમાં ગરકાવ થઈ જશે. સંશોધકોએ જણાવ્યું છે કે પરમાણુ યુદ્ધના પરિણામમાંથી માત્ર બે દેશો, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સરખામણીએ બહેતર રીતે બચી શકે. તેમની ભૌગોલિક અલગતા અને કૃષિ બચાવી શકવાની ક્ષમતાને કારણે તેઓ પરમાણુ શિયાળાની સૌથી ખરાબ અસરોથી બચી શકે. જો કે આ દેશોએ પણ રેડિયેશન જોખમો, ઓઝોન સ્તરમાં નુકસાન અને ગંભીર ખોરાક તંગી સહિતના તીવ્ર પડકારોનો સામનો કરવો પડશે, જેના કારણે બચી ગયેલા લોકોએ સંભવિતપણે ભૂગર્ભમાં વાસ કરવો પડી શકે અને મૂળભૂત સ્રોતો માટે દરરોજ સંઘર્ષ કરવો પડી શકે. ‘ન્યુક્લીઅર વોરઃ એ સીનેરિયો’ની લેખિકા અને આર્મેગેડોન સંશોધક એની જેકબસને આવા વિનાશના સંભવિત પરિણામ સમજવા માટે સંરક્ષણ નિષ્ણાંતોનો અભિપ્રાય લીધો અને અનેક વૈજ્ઞાનિક અભ્યાસોનું વિશ્લેષણ કર્યું. પોતાના પોડકાસ્ટમાં તેણે સ્પષ્ટતા કરી કે પ્રારંભિક સ્ફોટોમાં કરોડો લોકોના મોત થશે. ઉપરાંત સીધા પ્રભાવમાંથી મુક્ત રહેલા વિસ્તારોમાં પણ પર્યાવરણના નાશ અને લાંબા ગાળાના હવામાન વિક્ષેપ સહિતના ગંભીર પરિણામ જોવા મળી શકે. જેકબસને નોંધ કરી કે લાંબો સમય ચાલનાર અંધકાર અને તીવ્ર ઠંડા હવામાનને કારણે વિશ્વના અનેક વિસ્તારોમાં કૃષિ વ્યવસાય પડી ભાંગશે.

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.daman gatimes.com

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM KOKILA RAMANBHAI PATEL TO JYOTIBEN RAMANBHAI PATEL ADDRESS : 142/2, KUND FALIA, BHIMPORE, NANI DAMAN-396210.

**CHANGE OF NAME**

OLD NAME : PATEL ROHANKUMAR SHANKARBHAI
NEW NAME : ROHAN SHANKARBHAI PATEL
ADD : H.NO. C-15-76/1, 15, PATEL FALIYA, KHARIWAD NANI DAMAN, DAMAN : 396 210

# ગણદેવીમાં રખડતા શ્વાનોએ બાળકને બચકા ભરતાં ગંભીર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૯ :** ગણદેવી શહેરમાં રખડતા શ્વાનોનો આતંક વધતા શહેરીજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. તાજેતરમાં બે માસૂમ બાળકો પર શ્વાનોએ હુમલો કરતા ચકચાર મચી હતી. જેમાં એક બાળકને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં ૧૭ ટાંકા લેવા પડ્યા હતાં. બીજી તરફ, છેલ્લા ત્રણ મહિનામાં સરકારી હોસ્પિટલમાં કુલ ૧૫૩ ડોગ બાઈટના કેસ નોંધાતા સમસ્યા ગંભીર બની છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગણદેવી શહેરના ખત્રીવાડ વિસ્તારમાં જળદેવી માતા મંદિર નજીક પાંચ



વર્ષીય માસૂમ બાળક પર એક શ્વાને અચાનક હુમલો કરી તેની ગરદન પાછળ બચકું ભર્યું હતું. જ્યારે બીજા બનાવમાં શહેરના પર્યટન સ્થળ તરીકે ઓળખાતા વડા તળાવની પાળ નજીક એક પાંચ વર્ષીય બાળકના માથાના ભાગે શ્વાને બચકાં ભરતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેને ૧૭ ટાંકા લેવા પડ્યા હતાં.

ગણદેવી સ્થિત સામુહિક આરોગ્ય કેન્દ્રના આંકડા મુજબ ગત ડિસેમ્બર મહિનામાં ૫૫, જાન્યુઆરીમાં ૫૮ અને ફેબ્રુઆરીમાં ૪૦ મળી કુલ ૧૫૩ ડોગ બાઈટના કેસ નોંધાયા છે. જ્યારે ખાનગી હોસ્પિટલોમાં નોંધાતા કેસો આ આંકડા કરતાં વધુ હોવાની ચર્ચા છે.

શહેરમાં રખડતા શ્વાનોની સંખ્યા સતત વધી રહી હોવા છતાં નગરપાલિકા દ્વારા સ્ટ્રીટ ડોગ કન્ટ્રોલ માટે કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી રહી નથી. શહેરમાં શ્વાનોના ખસીકરણ (સ્ટેરિલાઈઝેશન) માટે પણ કોઈ સુવ્યવસ્થિત કામગીરી ન હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. બીજી તરફ શહેરમાં ઠેર ઠેર શરૂ થયેલી ચીકન, મટન અને માછલી વેચાણ તથા રાંધવાની હાટડીઓમાંથી બાકી રહેલો વેસ્ટ જાહેરમાં ફેંકવામાં આવે છે. જેના કારણે રખડતા કૂતરાઓને સરળતાથી ખોરાક મળી રહે છે અને તેમની સંખ્યા તેમજ હિંસક વૃત્તિમાં વધારો થતો હોવાનો સ્થાનિકોનો આક્ષેપ છે. શહેરમાં કચરા નિકાલ માટે સુવ્યવસ્થિત વ્યવસ્થા હોવા છતાં કેટલાક નોનવેજ વેપારીઓ દ્વારા નિયમોનું પાલન કરવામાં આવતું નથી. શહેરના વિવિધ વિસ્તારોમાં રખડતા કૂતરાઓના ઝુંડ બાઈક અને મોપેડ પાછળ દોડતા હોવાના બનાવો પણ વધી રહ્યા છે, જેના કારણે અકસ્માતોની સંભાવના વધી રહી છે. વધતા જતા શ્વાન આતંકને ધ્યાનમાં લઈ ગણદેવી નગરપાલિકા દ્વારા તાત્કાલિક યોગ્ય પગલાં લેવામાં આવે તેવી શહેરવાસીઓમાં માંગ ઉઠી છે.

# આહવા નજીકનાં જંગલમાંથી સડેલી હાલતમાં મૃતદેહ મળ્યો

**સાપુતારા, તા.૦૯ :** ડાંગ જિલ્લાના આહવાનાં બંધારપાડા ગામના અજયભાઈ (ડેબે) રાજુભાઈ પવાર નામના યુવકનો મૃતદેહ કાસવદહાડના જંગલમાંથી મળી આવતા પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. આ યુવક છેલ્લા બારેક દિવસથી પોતાના ઘરેથી ગુમ થયો હતો અને પરિવારજનો સહિત ગ્રામજનો દ્વારા તેની સતત શોધખોળ કરવામાં આવી રહી હતી. દરમિયાન, કાસવદહાડના વન વિસ્તારમાં અતિશય દુર્ગંધ આવતા સ્થાનિક લોકો તપાસ માટે ગયા હતા, જ્યાં અજયભાઈનો સડેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનાની જાણ થતા જ સામાજિક કાર્યકર ઝાકીરભાઈ ઝંકાર, સરપંચ હરિચંદભાઈ ભોયે તેમજ ગ્રામ અગ્રણીઓ રમણભાઈ અને હીરામનભાઈ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને પરિસ્થિતિની ખાતરી કર્યા બાદ આહવા પોલીસને જાણ કરી હતી. આહવા પોલીસ મથકનાં પી.આઈ. આર.એસ. પટેલની ટીમે તુરંત સ્થળ પર પહોંચી મૃતદેહનો કબજો લીધો હતો.

---

**ફોર્મ નં. આઈએનસી-૨૬**

કંપની (ઈનકોર્પોરેશન) નિયમો ૨૦૧૪ ના નિયમ ૩૦ અન્વયે)
કેન્દ્ર સરકાર (રીજનલ ડાયરેક્ટર) પ્રાદેશિક નિયામક, ઉત્તર-પશ્ચિમ રીજનલ સંચાલકાલય, અમદાવાદ સમક્ષ
કંપની કાયદા, ૨૦૧૩ની કલમ ૧૩ની પેટા-કલમ(૪) અને કંપની (ઈન્કોર્પોરેશન) નિયમો ૨૦૧૪ના નિયમ ૩૦ના પેટા-નિયમ (૫)ના મુદ્દા(એ)ની બાબતમાં
અને

**વેલ્સ્પન રિન્યુએબલ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ**

(CIN : U70109GJ2022PTC137272) જેની પોતાની રજીસ્ટર્ડ ઓફિસ નીચે મુજબ છે.
**સર્વે નંબર ૭૬, ગામ-મોરાઈ, વલસાડ, વાપી, ગુજરાત-૩૯૬૧૯૧, ભારત.**

...અરજદાર કંપની/અરજદાર

આથી જાહેર જનતાને નોટિસ આપવામાં આવે છે કે કંપનીએ કંપની કાયદા ૨૦૧૩ ની કલમ ૧૩ હેઠળ તેની રજીસ્ટર્ડ ઓફિસ **"ગુજરાત રાજ્ય"** ને **"રાષ્ટ્રીય રાજધાની પ્રદેશ દિલ્હી"** કરવા માટે કંપનીને સક્ષમ કરવા **૨૯ જાન્યુઆરી, ૨૦૨૬** ના રોજ યોજાયેલ અસાધારણ સામાન્ય સભામાં પસાર કરેલ ખાસ ઠરાવના સંબંધમાં કંપનીના મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનની ફેરબદલી માટે મંજુરી મેળવવા માટે કેન્દ્ર સરકારને અરજી ની તૈયારી કરી રહી છે.

કોઈપણ વ્યક્તિ જેન કંપનીના રજીસ્ટર્ડ ઓફિસના ફેરફારથી અસર થવાની શક્યતા હોય તે વ્યક્તિએ તેની દલીલ સમર્થિત એક એફીડેવીટની સાથે, પોતાનો હિત અને વિરોધના આધાર સાથે તેઓ **રીજનલ ડિરેક્ટર, ઉત્તર-પશ્ચિમ રીજનલ, સંચાલકાલય આરઓસી ભવન, રૂપલ પાર્ક સોસાયટી સામે, અંકુર બસ સ્ટોપ પાછળ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.** અથવા તો **MCA 21 PORTAL (www.mca.gov.in)** પર આ જાહેરાતના પ્રકાશનથી ચૌદ (14) દિવસની અંદર પોતાનો વિરોધ દાખલ કરવો અથવા રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવો. એજ સાથે અરજીકર્તા કંપનીને પણ નીચે આપેલ સરનામે નકલ મોકલાવાની રહેશે.

**સર્વે નંબર ૭૬, ગામ-મોરાઈ, વલસાડ, વાપી, ગુજરાત-૩૯૬૧૯૧, ભારત.**

અરજદાર વતી અને માટે
**વેલ્સ્પન રિન્યુએબલ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ**

સહિ/-
કપિલ મહેશ્વરી
(ડાયરેક્ટર)
DIN : 07662755

તારીખ : ૧૦-૦૩-૨૦૨૬
સ્થળ : વાપી

---

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM FIROS YOUSEPH TO FIROS NAMBIPUNNALATH YOUSEPH ADDRESS : - FLAT NO, 403, DUNES RESIDENCY, JANU NI WADI, DUNETHA, NANI DAMAN-396210.

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૭૫/૨૦૨૬

**અરજદાર : ભરતકુમાર વનમાલિદાસ ભારતીઆ**
ઉ.વ.૭૩, ધંધો-નોકરી રહે. ગૌરવી એપાર્ટમેન્ટ પારસીવાડ, પારડી
(વ.શ્રી. ભૂમિ આર. ટંડેલ)
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ઉમરગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ભરતકુમાર વનમાલિદાસ ભારતીઆ** રહે. પારડી તા.પારડી, જી.વલસાડનાએ તેમના ભત્રીજા **કંસારા ઉમેશચન્દ્રનો** જન્મ તા.૦૧-૦૬-૧૯૬૫ના રોજ મોજે - ઉમરગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૭૫/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૧૦૫/૨૦૨૫

**અરજદાર : પરમાર મહેન્દ્રસિંહ નાથુસિંહ,**
રહે. વાંકલ, પટેલ ફળિયા, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વાંકલ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પરમાર મહેન્દ્રસિંહ નાથુસિંહ,** રહે.વાંકલ, પટેલ ફળિયા, તા.જી.વલસાડએ તેમના દાદી **રામીબેન ઉમેદસિંહ પરમારનું** મરણ તા.૩૧-૦૭-૨૦૦૦ના રોજ મોજે. વાંકલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૦૫/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૧૦૩/૨૦૨૫

**અરજદાર : પરમાર મહેન્દ્રસિંહ નાથુસિંહ,**
રહે. વાંકલ, પટેલ ફળિયા, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વાંકલ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **પરમાર મહેન્દ્રસિંહ નાથુસિંહ,** રહે.વાંકલ, પટેલ ફળિયા, તા.જી.વલસાડએ તેમના દાદા **ઉમેદભાઈ ખુશાલસિંહ પરમારનું** મરણ તા.૧૨-૧૨-૧૯૭૧ના રોજ મોજે. વાંકલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૦૩/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

---

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૪૮/૨૦૨૫

**અરજદાર : ધીરુભાઈ મરીયાભાઈ નાયકા**
ભીનાર ફળિયા, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **શીલાબેન મરીયાભાઈ નાયકાનું** મરણ તા.૦૩/૧૧/૧૯૭૭ના રોજ મોજે દેગામ, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત દેગામના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત દેગામને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી દેગામ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

કોર્ટનો સિક્કો

---

**જાહેર નોટીસ / સમન્સ**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૫૧/૨૦૨૬**

**અરજદાર :** બાબુભાઈ ગોવનભાઈ પટેલ
રહે. ઘેજ, નાના ડુંભરિયા
તા.ચીખલી, જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **બાબુભાઈ ગોવનભાઈ પટેલ** રહે. નાના ડુંભરિયા, તા. ચીખલી, જી.નવસારીએ તેમના માતા **બુધીબેન ગોવનભાઈ પટેલ**નું મરણ મોજે, ખેરગામ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૧૮/૧૦/૧૯૯૭ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૫/૩/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

---

**જાહેર નોટીસ / સમન્સ**

**નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, વાંસદાની કોર્ટમાં**

**જન્મ-મરણ નોંધણી અરજી નં.૫૦/૨૦૨૬**

**અરજદાર :** બાબુભાઈ ગોવનભાઈ પટેલ
રહે. ઘેજ, નાના ડુંભરિયા
તા.ચીખલી, જી.નવસારી
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ખેરગામ**
**તા.ખેરગામ જી.નવસારી**

આ કામના અરજદારશ્રી **બાબુભાઈ ગોવનભાઈ પટેલ** રહે. નાના ડુંભરિયા, તા. ચીખલી, જી.નવસારીએ તેમના પિતા **ગોવનભાઈ પીડીયાભાઈ પટેલ**નું મરણ મોજે, ખેરગામ, તા.ખેરગામ જી.નવસારી મુકામે તા.૦૨/૦૯/૧૯૮૭ના રોજ થયેલ હોવાનું જણાવી તેમના મરણની નોંધણી સામાવાળા સમક્ષ થયેલ નહી હોવાથી સામાવાળાને નોંધણી કરવા હુકમ મેળવવા બાબતે આધાર પુરાવા સહિત અત્રે અરજ ગુજારેલી છે. સબબ આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ / સમન્સથી જાણ કરવામાં આવે છે, કે સદર કામે અરજદારની અરજી સામે કોઈના કોઈ પણ જાતના વાંધા વિરોધ અગર તકરાર હોઈ તો તે રજુ કરવા આ નોટીસની પ્રસિધ્ધિ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં કચેરી સમય દરમ્યાન જાતે અથવા યોગ્ય રીતે માહિતગાર વકીલ મારફતે આધાર પુરાવા સાથે લેખિત રજુઆત સહિત હાજર થઈ રજુ કરવું. નિર્દિષ્ટ સમયમર્યાદામાં કોઈ વાંધા રજુ કરવામાં નહી આવશે તો અરજી સંદર્ભે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.

**તા.૫/૩/૨૦૨૬**
**સ્થળ : વાંસદા**

કોર્ટનો સિક્કો

સહિ/-
(બી.એલ. માહલા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ વાંસદા

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૧૧૦૬/૨૦૨૫

**અરજદાર : અશોકકુમાર ભીખુભાઈ પરમાર,**
રહે. નનકવાડા, વલસાડ, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, વાંકલ, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અશોકકુમાર ભીખુભાઈ પરમાર,** રહે.નનકવાડા, વલસાડ, તા.જી.વલસાડએ તેમના પિતા **ભીખુભાઈ ઉમેદભાઈ પરમારનું** મરણ તા.૧૦-૦૪-૧૯૮૫ના રોજ મોજે. વાંકલ, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૪/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૧૦૬/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૮૮૫/૨૦૨૫

**અરજદાર : ચેતનભાઈ હરીભાઈ પટેલ,**
રહે. પારનેરા, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ચેતનભાઈ હરીભાઈ પટેલ,** રહે.પારનેરા, તા.જી.વલસાડએ તેમના દાદા **ફકીરભાઈ મંછુભાઈ પટેલનું** મરણ તા.૦૯-૦૭-૧૯૭૪ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૮૮૫/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૮૮૭/૨૦૨૫

**અરજદાર : ચેતનભાઈ હરીભાઈ પટેલ,**
રહે. પારનેરા, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ચેતનભાઈ હરીભાઈ પટેલ,** રહે.પારનેરા, તા.જી.વલસાડએ તેમના દાદી **સોમીબેન ફકીરભાઈ પટેલનું** મરણ તા.૧૨-૧૧-૧૯૭૦ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૮૮૭/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

---

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં**

જ.મ.પ.અ.નં.૮૮૬/૨૦૨૫

**અરજદાર : ચેતનભાઈ હરીભાઈ પટેલ,**
રહે. પારનેરા, તા.જી.વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, પારનેરા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ચેતનભાઈ હરીભાઈ પટેલ,** રહે.પારનેરા, તા.જી.વલસાડએ તેમના પિતા **હરીભાઈ ફકીરભાઈ પટેલનું** મરણ તા.૦૪-૦૫-૨૦૦૮ના રોજ મોજે. પારનેરા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૮૮૬/૨૦૨૫**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

સહિ/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
વલસાડ (ગ્રામ્ય)

---







**ટેરેસ ગળે છે ??**



વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205



દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂા.5000/-
The Complete Man Raymond, dinesh SUITING, Siyaram's SHOP, DONEAR SUITINGS & SHIRTINGS, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima LUXURY FABRICS, Kriplon
LORD'S MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬



Jai Jalaram Bapa



**Septic Tank Cleaner**
ખાળ કુવાની સફાઈ
खार कुवे की सफाई
TANKER CAPACITY 8000 LITER
WATER JETTING, AIR BLOWING, VACUUMING
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
Contact: 99046 44348, 98247 28200



**દમણગંગા ટાઈમ્સ**

**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

દમણગંગા ટાઈમ્સ
સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો
મુખ્ય કાર્યાલય
દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Tuesday 10, March 2026

# દમણગંગા ટાઈમ્સ



## ઓપરેશન મ્યુલ હંટ જારી છે

# વલસાડ ક્રાઈમ બ્રાંચે સાઈબર ફ્રોડના આરોપીને ઝડપી લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડ જિલ્લમાં સાયબર ક્રાઈમના ગુનાઓમાં મ્યુલ બેંક અકાઉન્ટોનો ઉપયોગ કરી સાયબર ક્રાઈમ આચરતા ગુનેગારો વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપતા સાઈબર ક્રાઈમ પોલીસ મથકના પી.આઈ બી.ડી. જીતીયા એ જરૂરી સુચના અને માર્ગદશન આપતા સાયબરની ટીમ મ્યુલ બેંક અકાઉન્ટ ધારકોની તપાસ કરી રહેલ હતા.

જે માહિતી આધારેસાયબર ફ્રોડના નાણા જે બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે તેવા મ્યુલ એકાઉન્ટની તપાસ હાથ ધરવામાં આવતા શંકાસ્પદ બેંક ખાતા ધારક ઈન્દ્રકલા અરવિંદસિંહ ગૌતમને બોલાવી પ્રાથમીક પુછપરછ કરતા જાણવા મળેલ કે તેમણે પોતાનુ બેંક એકાઉન્ટ સત્યમ વિજયકુમાર સિંગ રહે. બંગલા નંબર ૧૬૪ નિલકંઠ સોસાયટી, સાત ફળીયા, ચણોદ, તા. વાપી જી. વલસાડને આપેલ હતુ. જે બેંક એકાઉન્ટ તેમના મળતીયાઓ લોકોને પાર્ટ ટાઈમ જોબ, ઈનવેસ્ટમેન્ટ તથા વર્ક ફ્રોમ હોમ વિગેરેની લાલચ આપી તેઓની સાથે છેતરપીંડી કરી રૂપીયા મેળવી, આ મેળવેલ રૂપીયા સત્યમસિંગ તેમના મળતીયા પિયુષ સંજય સિંગને મોકલી સાયબર ફ્રોડના રૂપીયા સગેવગે કરવા માટે મોકલી હતો. પકડાયેલો આરોપી વિરુદ્ધ પોતાના બેંક એકાઉન્ટમાં ત્રણ ફરિયાદ ઉપરાંત તેમની સાળી ઈન્દ્રકલા ના બેંક એકાઉન્ટમાં ત્રણ મળી સમગ્ર દેશમા કુલ્લે રૂા. ૧૭,૭૭,૦૦૦ રૂપિયાની સાયબર ફ્રોડની ૬ થી વધુ ફરીયાદ થયેલાની હકીકત જાણવા મળેલ હતી.

જયારે આરોપી સત્યમ વિજયકુમાર સિંગ રહે.બંગલા નંબર.૧૬૪ નિલકંઠ સોસાયટી, સાત ફળીયા, ચણોદ, તા. વાપી જી. વલસાડ ની ધરપકડ કરી છે. જ્યારે વોન્ટેડ આરોપી પિયુષ સંજય સિંગ ફ્લેટ નંબર ૩૦૪, એમ શ્યામલ વિહાર સોસાયટી, આર કે દેસાઈ કોલેજની સામે, છરવાડા, વાપી ને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

### સીમ કાર્ડ કે બેંક ખાતા કોઈને વાપરવા ન આપો

વલસાડ સાઈબર ક્રાઈમ પોલીસ મથકના પીઆઈ બી. ડી. જીતીયાએ લોકોને સાવચેત રહેવા જણાવતાં કહ્યું હતું કે - પોલીસ અને અન્ય તપાસ સંસ્થાઓની નજરમાંથી બચવા માટે ઠગ ટોળકીઓ સામાન્ય લોકોને નજીવી રકમની લાલચ આપી સકંજામાં લે છે, અને નાણાંની હેરફેર કરવા માટે તેઓના બેંક ખાતાનો ઉપયોગ કરે છે. આવા બેંક એકાઉન્ટ 'મ્યૂલ એકાઉન્ટ' તરીકે ઓળખાય છે.પોતાનું બેંક ખાતુ કે સીમકાર્ડ કોઈપણ વ્યક્તિને કોઈપણ બહાને કે લાલચમાં આવીને વાપરવા આપવા જોઈએ નહી, આવા એકાઉન્ટનો ગેરકાયદેસર ઉપયોગ માટે એકાઉન્ટધારક જ જવાબદાર રહે છે.

# આખરે તિથલ બીચ પર હાઈમસ્ટ લાઈટો ઝળહળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૯ :** વલસાડના તિથલ બીચ પર મૂકવામાં આવેલી હાઈમસ્ટ લાઈટ ચાલુ થતા સહેલાણીઓ, ખાણીપીણીની લારી ચલાવનારાને મોટી રાહત મળી છે. વલસાડના દરિયા કિનારાને પ્રવાસન સ્થળ તરીકે વિકાસવા માટે સરકાર દ્વારા કરોડો રૂપિયા ફાળવવામાં આવ્યા છે. તેમ છતાં આજે પણ વલસાડ તિથલ બીચ દરિયા કિનારો સુવિધાથી વંચિત રહ્યો છે જેના કારણે દૂર દૂરથી આવનારા સહેલાણીઓ પ્રવાસીઓ સ્થાનિક રહેશો ભારે પરેશાની વેઠી રહ્યા છે. તિથલ બીચ પર વરસો અગાઉથી લાઈટ મૂકવામાં આવી હતી પરંતુ છેલ્લા કેટલાક વખતથી આ હાઈમસ્ટ લાઈટો બંધ રહેવાના કારણે સહેલાણીઓ કે મંડપ લારી કે અન્ય ધંધા કરનારાઓ એ સાંજ પડતાની સાથે જ ધંધો બંધ કરી જવાની ફરજ પડતી હોય છે. હાઈ મસ્ટ લાઈટ બંધ રહેતા સહેલાણીઓ પણ અંધારું થાય જ નીકળી જતા હોય છે. ત્યારે છેલ્લા બે દિવસથી વલસાડના તિથલ બીચ પર હાઈમસ્ટ લાઈટ શરૂ થતા સહેલાણીઓ અને ખાણી પીણીની લારી ચલાવનારાઓને મોટી રાહત મળી છે.

# બીલીમોરાના ક્રિકેટ ચાલકોએ વિજયની ઉજવણી વચ્ચે પણ માનવતા મહેંકાવી



### ૨૦ વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતની ભવ્ય જીત : બીલીમોરાના રાજમાર્ગો પર ઉજવણી વખતે ક્રિકેટ પ્રેમીઓ એમબ્યુલન્સ આવી જતાં પહેલાં એને રસ્તો કરી આપ્યો પછી ફરી ઉજવણીમાં ઝુમવા લાગ્યાં

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૦૯ :** ટી૨૦ વર્લ્ડ કપ ક્રિકેટ મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતની શાનદાર જીત થતા જ બીલીમોરા શહેરમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. જીતનો જશ્ન મનાવવા માટે શહેરના વાંકા મહોલ્લા અને રાજભોગ સર્કલ જેવા મુખ્ય વિસ્તારોમાં મોટી સંખ્યામાં લોક મેદની ઉમટી પડી હતી.

ખાસ કરીને યુવાનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો,જ્યાં તેઓએ હાથમાં તિરંગો લહેરાવી અને ભારત માતા કી જય ના ગગનભેદી નાદ સાથે સમગ્ર વાતાવરણને દેશપ્રેમથી ભરી દીધું હતું. આ વિજય ઉત્સવ વચ્ચે રસ્તા પર ઉમટેલી હજારોની જનમેદનીએ ઈમરજન્સીમાં પસાર થઈ રહેલી એમ્બ્યુલન્સને પ્રાથમિકતા આપી તુરંત રસ્તો કરી આપતા શહેરમાં માનવતા મહેકી ઊઠી હતી. લોકોએ ફટાકડા ફોડી અને એકબીજાને અભિનંદન પાઠવી આ જીતને વધાવી હતી,જ્યારે બીલીમોરા પોલીસે પણ ખડેપગે રહી ટ્રાફિક અને સુરક્ષા વ્યવસ્થા સુપેરે સંભાળી હતી.

# દાનહના આપટીમાં પતિની હત્યાની નિષ્પક્ષ તપાસ માટે માંગ : વારલી સમાજનું સમર્થન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૦૯ :** દાદરા અને નગર હવેલીના આપટી (અવરવાડા) ગામની રહેવાસી મહિલાએ પોતાના પતિની હત્યાના મામલે નિષ્પક્ષ તપાસ કરી મુખ્ય આરોપીઓને ઝડપવાની માંગ સાથે પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી હતી. આ સમયે મૃતકના પરિવારજનો તેમજ વારલી સમાજના સભ્યો પણ હાજર રહી પીડિત પરિવારને ન્યાય અપાવવા માંગ કરી હતી. આપટીગામની રહેવાસી સુમલીબેન જયેશભાઈ ઘોડિયાએ પોલીસ અધિક્ષકને આપેલી અરજીમાં જણાવ્યું હતું કે તેમના પતિ સ્વ. જયેશભાઈ લાલજીભાઈ ઘોડિયા (ઉંમર ૩૪)ની ૩ માર્ચ ૨૦૨૬ના રોજ સાંજે અંદાજે ૬ : ૩૦ થી ૭ : ૦૦ વાગ્યાની વચ્ચે ધારદાર હથિયારથી હુમલો કરી હત્યા કરવામાં આવી હતી. તેમણે આક્ષેપ



કર્યો કે ઘટનાને કેટલાંક દિવસ વીતી ગયા હોવા છતાં સ્થાનિક પોલીસ દ્વારા હજુ સુધી કોઈ નોંધપાત્ર કાર્યવાહી કરવામાં આવી નથી.

અરજીમાં જણાવ્યા મુજબ ઘટના દિવસે તેમના પતિ તેમના ઓળખીતાઓ સંજય નિમલા, ઉત્તમ ચેતન નિમલા અને મધુ નિમલા સાથે આપટી ગામ ગયા હતા. તે દરમિયાન કેટલાક લોકોએ તેમના પર ધારદાર હથિયારો વડે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ તેમના માથા પર વારંવાર પ્રહાર કરી ગંભીર રીતે ઈજા પહોંચાડી અને તેમને ત્યાં જ છોડીને ફરાર થઈ ગયા હતા. વિધવાએ આ ઘટનાને પૂર્વનિયોજિત હત્યા ગણાવી જણાવ્યું કે તેમના પતિ પરિવારના એકમાત્ર કમાઉ સભ્ય હતા. તેમના નિધનથી પરિવાર પર આર્થિક તેમજ માનસિક સંકટ ઊભું થયું છે. તેમણે વધુમાં આશંકા વ્યક્ત કરી કે જો આરોપીઓ સામે તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો પુરાવાઓ સાથે છેડછાડ થવાની શક્યતા છે. તેથી તેમણે પોલીસ પ્રશાસનને મામલાની નિષ્પક્ષ તપાસ કરી મુખ્ય આરોપીઓને ઝડપવાની અને પીડિત પરિવારને ન્યાય અપાવવાની માંગ કરી છે. રજૂઆત દરમિયાન મૃતકના સગાસંબંધીઓ તથા વારલી સમાજના સભ્યો પણ હાજર રહ્યા હતા અને દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.

# કચીગામની કંપનીમાં હોળી ટાંણે થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

### ચોરીના મુદ્દામાલ સાથે સગીર સાથે ત્રણ ઝડપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૯ :** કચીગામ પોલીસ સ્ટેશને ઔદ્યોગિક વિસ્તારમાં થયેલી ચોરીનો ૨૪ કલાકમાં ઉકેલ લાવીને બે શંકાસ્પદ લોકોની ધરપકડ કરી અને આ કેસમાં સંડોવાયેલા એક સગીરની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી ચોરાયેલો તમામ માલ જપ્ત કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, સોમનાથ ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત પ્રીમિયમ પોલીએલોય્સ લિમિટેડના ડિસ્પેચ હેડ કૌશલ ભરત પટેલે ૭ માર્ચે કાચીગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે હોળીના તહેવારને કારણે કંપની ૪ થી ૫ માર્ચ સુધી બંધ હતી. ૬ માર્ચે ફરી ખોલતી વખતે, સ્ટોક ચેકમાં રિલાયન્સ મટિરિયલ બેગમાં સંગ્રહિત ૨૫ કિલો વજનના પ્લાસ્ટિક ગ્રેન્યુલ્સની ૫૦ બેગ ગુમ થઈ ગઈ હોવાનું જાણવા મળ્યું. ચોરાયેલા માલનું કુલ વજન ૧,૨૫૦ કિલો હોવાનો અંદાજ છે અને તેની કિંમત આશરે રૂા. ૧.૩૦ લાખ છે. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, પોલીસે એક ટીમ બનાવી અને ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરી. ટેકનિકલ સર્વેલન્સ અને માનવ સ્ત્રોતો દ્વારા પણ માહિતી એકત્રિત કરવામાં આવી હતી. તપાસ દરમિયાન, બે શંકાસ્પદોની ઓળખ ઉજ્જવલ રાજેશ પાંડે અને નીતિન સંતોષ શાહ તરીકે થઈ હતી.

પોલીસે ૮ માર્ચે બંને આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીના સ્થાન પરથી ચોરાયેલો બધો માલ મળી આવ્યો હતો. ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ ઉજ્જવલ રાજેશ પાંડે (રહે. ધરમપુર રોડ, દેગામ, વાપી, મૂળ નિવાસી વારાણસી, ઉત્તર પ્રદેશ) અને નીતિન સંતોષ શાહ (રહે. રમણભાઈ બિલ્ડીંગ, મહાદેવ મંદિર પાસે, વાટાર, વાપી, મૂળ નિવાસી છાપરા, બિહાર) તરીકે થઈ છે. તપાસ દરમિયાન, ચોરીમાં એક સગીર પણ સામેલ હોવાનું બહાર આવ્યું હતું, અને પોલીસે ૯ માર્ચે તેની ધરપકડ કરી હતી. પોલીસ આ મામલાની વધુ તપાસ કરી રહી છે.

# ખેરગામ તા.પં.માં કોંગ્રેસે રામધૂન કરી

### તાલુકા પંચાયતમાં ભ્રષ્ટાચારના આક્ષેપ : બહેજ ગામે ગોચરની જમીનમાંથી માટી-વૃક્ષોની ચોરી મામલે તપાસની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા. ૦૯ :** ખેરગામ તાલુકા પંચાયતમાં ભ્રષ્ટાચારના આક્ષેપો કરી કોંગ્રેસે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શૈલેષ પટેલની આગેવાનીમાં કોંગ્રેસના ચાર તાપં. સભ્યો, કાર્યકરો, તા. પ્રમુખ શશીન પટેલે ખેરગામ તાલુકા પંચાયત કચેરી ખાતે એકત્ર થઈ સૂત્રોચ્ચાર સાથે વિરોધ નોંધાવ્યો હતો. આ અંગે તા.વિ.અધિકારીએ રજૂઆત અંગે એક અઠવાડિયામાં તપાસ કરી જવાબ આપવાની ખાતરી આપતા વિરોધ સમેટાયો હતો.ખેરગામ તાલુકા પંચાયતની છેલ્લી ખાસ સામાન્ય સભાના વિપક્ષના સવાલોના જવાબો આપવા વગર તાલુકા પ્રમુખ સભા બરખાસ્ત કરી છોડીને ચાલ્યા જતા કોંગ્રેસના સભ્યો ધરણાં પર બેઠા હતા મહેશ વિરાણીએ તપાસ કરવાની



ખાતરી આપતા ધરણાં સમેટાયા હતા. પરંતુ તપાસ નહી થતા જવાબ નહીં મળતાં હલ્લાબોલનો કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં કોંગ્રેસના કાર્યકરોએ તાલુકા વિકાસ અધિકારીની કચેરીની બહાર બેસીને રામધૂન બોલાવી અનોખો વિરોધ કર્યો હતો. આ દરમિયાન કાર્યકરોએ બહેજ ગામે ગૌચરની જમીનમાંથી વૃક્ષો તથા માટીની ચોરી થયાની ઘટનાની તપાસ કરવાની માંગ ઉઠાવી તાલુકા પંચાયત દ્વારા બનાવવામાં આવેલા કેટલાક ગ્રામ્ય રસ્તાઓ પંચાયત ગલી, સૈયદ વાડીમાં ભ્રષ્ટાચાર થયાના આક્ષેપ સાથે પણ યોગ્ય તપાસ કરવાની માંગ કરવામાં આવી હતી જે અંગે કોંગ્રેસના પ્રતિનિધિમંડળે તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી.ટીડીઓએ રજૂઆત અંગે એક અઠવાડિયામાં તપાસ કરી જવાબ આપવાની ખાતરી આપતાં કોંગ્રેસના કાર્યકરો વિરોધ પૂર્ણ કરી તાલુકા પંચાયત કચેરીમાંથી રવાના થયા હતા, ખેરગામ પોલીસે કાયદો વ્યવસ્થા જાળવી હતી.

### કોંગ્રેસનો માત્ર દેખાડો : ભાજપ

ખેરગામ તાલુકા પંચાયતની એપ્રિલમા થનારી ચૂંટણીના પડઘમ વાગતાની સાથે જ સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. તાલુકા પંચાયતના વહીવટમાં વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપો સાથે કોંગ્રેસે હલ્લાબોલ કરી આક્રમક વિરોધ પ્રદર્શન અંગે ભારતીય જનતા પાર્ટીના વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે કોંગ્રેસ માત્ર રાજકીય લાભ મેળવવા માટે પાયાવિહોણા આક્ષેપો કરી રહી છે.

# ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનમાં યુવા ટીમના નેતૃત્વમાં નોંધપાત્ર વિકાસ કાર્ય





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૯ :** ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન (યુઆઈએ)માં છેલ્લા ચાર વર્ષ દરમિયાન યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમના નેતૃત્વ હેઠળ વિવિધ વિકાસાત્મક કામો હાથ ધરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. સ્થાનિક ઉદ્યોગકારોએ સતત ચાર ટર્મ દરમિયાન યુવા ટીમના સભ્યોને વિશ્વાસપૂર્વક મત આપી પેનલને વિજયી બનાવી ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના વિકાસ માટે સહકાર આપ્યો હતો.



પ્રથમ બે વર્ષના કાર્યકાળ દરમિયાન તત્કાલીન પ્રમુખ જીગ્નેશભાઈ બારી અને સેક્રેટરી નીરજ પુઠાવાળા તથા ટીમના સભ્યો દ્વારા ઉમરગામના ડ્રીમ પ્રોજેક્ટ ગણાતા હોસ્પિટલના નિર્માણ માટે મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી હતી. જીઆઈડીસી પાસેથી હોસ્પિટલ પ્રોજેક્ટ માટે પ્લોટ સત્તાવાર રીતે મેળવી તેની રકમની ભરપાઈ કરવામાં આવી અને હોસ્પિટલના નિર્માણ માટે પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે હોસ્પિટલ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.

ઉમરગામ ઔદ્યોગિક વિસ્તારમાં ઉત્પાદન થતી ચીજવસ્તુઓને પ્રોત્સાહન મળે અને ઉદ્યોગકારોને વેપાર માટે પ્લેટફોર્મ મળી રહે તે માટે હોટલ લેન્ડમાર્ક ખાતે ઈન્ડસ્ટ્રીયલ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત ઔદ્યોગિક વિસ્તારમાં આધુનિક સુવિધાઓ ધરાવતા ફાયર બ્રાઉઝર માટે પણ મંજૂરી મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

યુવા ટીમના નેતૃત્વમાં સમગ્ર ટીમે સંયુક્ત રીતે 'વન ટીમ, વન વિઝન, વન મિશન'ના સૂત્રને અનુસરી કામગીરી કરી હોવાનું જાણવા મળે છે. જેના પરિણામે હોસ્પિટલ જેવા મહત્વના પ્રોજેક્ટને સાકાર કરવાની દિશામાં સફળતા મળી છે.

આગામી સમયમાં ઉમરગામ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં રહેલા કેટલાક મહત્વના અધૂરા કામોને પૂર્ણ કરવા માટે યુવા ઈન્ડસ્ટ્રીયલ ટીમ આગામી ચૂંટણીમાં ફરી ઉદ્યોગકારોના હિતમાં મેદાનમાં ઉતરી હોવાનું જણાવાયું છે. ટીમમાં અનુભવી તથા યુવા શક્તિનો સુમેળ જોવા મળે છે.

# બગવાડા ટોકનાકાથી રૂા. ૪૫.૬૭ લાખનો દારૂ ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૯ :** બગવાડા ટોલનાકા પાસેથી બાતમીના આધારે એલસીબી પોલીસે ડમ્પરને રોકી તેમાં તપાસ કરતા રૂા. ૪૫.૬૭ લાખનો દારૂ બિયરનો જથ્થો મળી આવતા ચાલકની અટકાયત કરી દારૂ ભરાવનાર તથા લેનારને વોન્ટેડ જાહેર કરાયો છે.

પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે વલસાડ જિલ્લા એલસીબી પોલીસ વિભાગના પીઆઇ ઉત્સવ બારોટ ના માર્ગદર્શન હેઠળ પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી કે એક ડમ્પરમાં સિલવાસથી મોટા પ્રમાણમાં દારૂનો જથ્થો ભરીને સુરત તરફ લઈ જવાઈ રહ્યો છે આથી પોલીસે વાપી નજીકના બગવાડા ટોલ પ્લાઝા પાસે વોચ રાખી સામેથી આવતી ડમ્પર ટ્રક નંબર ડીડી-૦૧-એચ-૯૪૩૨ ને રોકી તેના ચાલક શુભલાલ મોતીલાલ સહુ રહે. પરાઈ, મધ્યપ્રદેશ,ની પૂછપરછ કરતા તેમજ ડમ્પરમાં તપાસ કરતા ૪૬૯ દારૂ - બિયરના બોક્સ જેમાં કુલ ૧૫૫૫૨ દારૂ - બિયરની બોટલ જેની કિંમત રૂા. ૪૫,૬૭,૦૮૦ મળી આવતા તેને પૂછપરત કરતા પાસ પરમિટ નહીં હોવાથી પોલીસે તાત્કાલિક પારડી પોલીસમાં ડમ્પરચાલક શુભલાલ સહુ સામે ગુનો નોંધી તપાસ કરતા આ દારૂનો જથ્થો સેલવાસથી ચિરાગ નામના ઈસમે ભરાવ્યો હોવાનું બહાર આવતાં પોલીસે તાત્કાલિક ચિરાગ ને વોન્ટેડ જાહેર કરી ૧૫ લાખનું ડમ્પર તેમજ ૪૫ ૬૭૦૮૦ નો દારૂ અને ૫૦૦૦ રૂપિયાનો મોબાઈલ ફોન મળી કુલ્લે ૬૦,૭૨,૦૮૦નો મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ પારડી પોલીસ કરી રહી છે.

## અનાવિલ અવસાન બેસણું



સ્વ. આશાબેન સુખદેવજી દેસાઈ
સ્વ. તા. ૦૮-૦૩-૨૦૨૬

દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા **માતૃશ્રી આશાબેન સુખદેવજી દેસાઈ (ઉ.વ. ૯૮)** મજીગામ, ચીખલી, તા. ૦૮-૦૩-૨૦૨૬ ના રવિવારના રોજ અવસાન થયેલ છે. પ્રભુ સદ્‌ગતનાં આત્માને શાંતિ આપે એજ પ્રભુ પ્રાર્થના.

**સદ્‌ગતનું બેસણું** :તા. ૧૨-૦૩-૨૦૨૬, ગુરુવાર, **સમય :** ૦૩ :૦૦ થી ૦૬ :૦૦ કલાક
**સ્થળ :** નિવાસસ્થાન, દેસાઈવાડ, મજીગામ મુકામે

લિ.
**સિદ્ધાર્થભાઈ સુખદેવજી દેસાઈ તથા સમસ્ત પરિવાર**

## - : જાહેર સુચના : -

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ દીવના લોકોને જાણ કરવામાં આવે છે કે જો સરકારના વિવિધ વિભાગોમાં કામ કરતા કોઈપણ સરકારી અધિકારી/કર્મચારી અને ચૂંટાયેલા અધિકારીઓ દ્વારા તમારી પાસેથી કોઈપણ પ્રકારની લાંચ માંગવામાં આવે છે, તો તમે આવા અધિકારી/કર્મચારી અને ચૂંટાયેલા અધિકારીઓ વિરુદ્ધ મૌખિક અથવા લેખિત ફરિયાદ એન્ટી કરપ્શન યુનિટને મોબાઈલ નંબર : ૯૦૮૧૧૨૨૧૧૯, ફોન નંબર : ૦૨૬૦-૨૨૩૦૩૦૦ અને ઈમેઈલ : sho-acu-dnhdd@ddd.gov.in માધ્યમથી કરી શકો છો.

**માહિતી આપનારાઓની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.**

**પોલીસ અધિક્ષક,**
**ભ્રષ્ટાચાર વિરોધી એકમ,**
**દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**